આજનો સુવિચાર
શાણપણ એટલે વિવેક મર્યાદાને પાણી ચડાવેલું જ્ઞાન

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય
Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67
Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક
જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૫૨ જૂનાગઢ તા.૧૧-૧૦-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)
Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 252, Junagadh : Date : 11 October, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# અમદાવાદનાં મોદી સ્ટેડીયમને બોંબથી ફુંકી મારવાની ધમકી આપનાર શખ્સ રાજકોટથી ઝડપાયો

(અમદાવાદ બ્યુરો)અમદાવાદ તા.૧૧
વડાપ્રધાન અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપનાર મૂળ મધ્યપ્રદેશના શખ્સને રાજકોટમાંથી ઝડપી લેવાયો છે.

અમદાવાદ અને રાજકોટ ક્રાઈમ બ્રાંચની ટીમે આ આરોપીને સકંજામાં લીધો છે. તેનું નામ કરણ માળી હોવાનું જાણવા મળે છે. કરણને દબોચી વધુ પુછપરછ હાથ ધરાતા તેણે રટણ કર્યું હતું કે તેણે ફક્ત મજા લેવા માટે આ ધમકી મેઈલ મારફત કરી હતી.

આ અંગેની મળતી વિગત મુજબ, ભારત પાકિસ્તાનની ક્રિકેટ મેચ વખતે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ બોમ્બથી ઉડાવી દેવાશે. તેવી ધમકી આપનારા મૂળ મધ્યપ્રદેશના અને હાલમાં રાજકોટમાં રહેતા કરણ માળીને ઝડપી લેવાયો હતો. કરણે માત્ર મજા લેવા માટે સ્ટેડિયમ ઉડાડવાની ધમકી આપી હતી તેમ જણાવ્યું હતું. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે તેની પાસેથી લેપટોપ સહિતના સાધનો કબ્જે કર્યા છે. અમદાવાદના મોટેરામાં આવેલ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત પાકિસ્તાન મેચ આગામી તા.૧૪ ઓકટોબરનાં રોજ રમાનાર છે. જેના કારણે આ સ્ટેડિયમ ભારે ચર્ચામાં હતું. તેવા સમયે જ આ સ્ટેડિયમને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી અપાઈ હતી. મેચના દિવસે ભારત-પાક. ક્રિકેટર્સની સાથે દેશ વિદેશના જાણીતા લોકો પણ મોટી સંખ્યામાં મેચ જોવા આવનાર હોવાથી સુરક્ષા એજન્સીઓ એલર્ટ હતી. તેવા સમયે ઈ મેઈલથી ધમકી મળી હતી. જેમાં રૂ.૫૦૦ કરોડની માંગણી અને ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની મુક્તિની માંગ પણ કરાઈ હતી.

# અમદાવાદમાં આઈટીનું મેગા ઓપરેશન : ૨૦ સ્થળે દરોડા


## બ્લીચ કેમિકલ અને ધારા કેમિકલ ઉપર ઈન્કમટેકસની તવાઈ

(અમદાવાદ બ્યુરો) અમદાવાદ તા. ૧૧
અમદાવાદમાં ઈન્કમટેક્સે ફરી સુપર ઓપરેશન હાથ ધર્યુ છે. કેમિકલના મોટા વેપારીઓને ત્યાં આવકવેરા વિભાગે દરોડા પાડ્યા છે. બ્લીચ કેમિકલ અને ધારા કેમિકલ પર ઈન્કમટેક્સ વિભાગે તવાઈ હાથ ધરી છે. અમદાવાદના જાણીતા વેપારી કેયુરભાઈ શાહ સહિત કેમિકલના અનેક વેપારીઓને ત્યાં તપાસ હાથ ધરાઈ છે. અમદાવાદમાં ૨૦થી પણ વધુ જગ્યાએ આવકવેરા વિભાગે દરોડા પાડ્યો છે. જેમાં ૧૦૦થી વધુ અધિકારીનો કાફલો તપાસમાં જોડાયો છે. તપાસના અંતે મોટાપાયે બેનામી વ્યવહારો મળી આવે તેવી સંભાવના છે.

અમદાવાદમાં ૨૦ દિવસ પહેલા જાણીતા સ્વાતિ બિલ્ડર ગ્રૂપ અને તેની સાથે સંકળાયેલા મહેશ રાજ કેમિકલ ગ્રુપ પર ઈક્મટેક્સ વિભાગની સમગ્ર રાજ્યમાંથી બોલાવાયેલી ટીમ દ્વારા મેગા સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું. સ્વાતિ બિલ્ડકોન ગ્રુપની ઓફિસ તેમજ તેના નિવાસસ્થાન સહિત તેના સાથે કનેક્શન ધરાવતા મહેશ રાજ કેમિકલ ગ્રુપની ઓફિસ અને બંગલા ખાતે મળી ૪૦ જેટલા સ્થળ પર તપાસ હાથ ધરાઈ હતી .

સ્વાતિ બિલ્ડકોનની આંબલી રોડ ઉપર આવેલી મુખ્ય ઓફિસ ઉપર પણ ઈન્કમટેક્સ ત્રાટક્યું હતું. આ સાથે જ શહેરના ૩૫થી ૪૦ સ્થળો પર દરોડા અને સર્વેનું ઓપરેશન ઈન્કમટેક્સ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. ઈન્કમટેક્સના ઓપરેશનમાં અમદાવાદ, વડોદરા અને રાજકોટના ૧૦૦થી પણ વધુ અધિકારીઓ જોડાયા હતા.

# "આપણે બધા હિન્દુ છીએ, હિન્દુ સમાજે સંગઠિત થવું જોઈએ" : મોહન ભાગવત



તિરૂવનંથપુરમ (કેરળ),તા.૧૧
રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવત અને મહાસચીવ દતાત્રેય હોસબલે સહીત સંઘનાં મુખ્ય ૧૦ નેતાઓએ અહીં બે દિવસીય બેઠકમાં ભાગ લીધો હતો આ તકે મોહન ભાગવતે કહ્યું હતું કે સંઘ હિન્દુઓને સંગઠીત કરે છે કારણ કે આપણે બધા હિન્દુ છીએ, હિન્દુ સમાજે સંગઠીત થવુ જોઈએ. ભાગવતે કોઝીકોડમાં આયોજીત અમૃતશતમ વ્યાખ્યાન શૃંખલામાં વધુમાં જણાવ્યું હતું કે હિન્દુઓએ સંગઠીત થવુ જોઈએ.કારણ કે સંગઠીત સમાજ જ સમૃદ્ધ દેશનુ નિર્માણ કરે છે. આપણી ભાષાઓ છે. આપણી પોતાની પૂજા પદ્ધતિ છે, આપણી પોતાની જાતિઓ અને ઉપજાતિઓ છે.આટલા બધા ધર્મ છે.આટલી બધી જીવન જીવવાની પદ્ધતિ છે, બધુ અલગ છે. તેમ છતા અનાદિકાળથી આપણા એકબીજા સાથે જોડાયેલા છીએ. તેમણે સંસ્કૃતિનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે જેમ જેમ સમય વીતે છે વિવિધતા વધે છે એક ભાષા અનેક ભાષા બની જાય છે. આ પાકૃતિક ક્રમમાં થાય છે તેમ છતાં આપણે સાથે છીએ. શા માટે ? કારણ કે આ આપણા સંસ્કાર છે, આ આપણી સંસ્કૃતિ છે. ભાગવતે વધુમાં જણાવ્યું હતું કે આપણો ડીએનએ એક છે.

આપણે એક છીએ.આ આપણી માતૃભૂમિ છે.આપણા ધાર્મિક સંપ્રદાયો અલગ અલગ છે. પરંતુ ભારતીયો અને બાકીનાં વિશ્વ વચ્ચે આ અંતર ખુબ જ આશ્ચર્યજનક છે.

# કિસાન સમ્માન નીધિની રકમ રૂા. ૮ હજાર કરાશે

નવી દિલ્હી તા. ૧૧ : મોદી સરકાર નાના ખેડૂતોને મોટી ભેટ આપવા જઈ રહી છે. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પીએમ કિસાનની રકમ ૬૦૦૦ રૂપિયાથી વધારીને ૮૦૦૦ રૂપિયા કરી શકે છે. આ બાબતથી વાકેફ બે અધિકારીઓના જણાવ્યા અનુસાર, સરકાર નાના ખેડૂતોને વર્ષમાં ત્રણ હપ્તામાં આપવામાં આવતી પીએમ કિસાન સન્માન નિધિની રકમ ૬,૦૦૦ રૂપિયાથી વધારીને ૮,૦૦૦ રૂપિયા કરવાના વિકલ્પો પર વિચાર કરી રહી છે.

પીએમ કિસાન સન્માન નિધિમાં આ અપડેટ પર નામ ન આપવાની શરતે, અધિકૃત સુત્રોએ ઈકોનોમિક ટાઈમ્સને જણાવ્યું કે આ મામલો હજુ વિચારણા હેઠળ છે. જો તે મંજૂર થાય છે, તો આ યોજનાથી સરકારને ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ થશે. આ ચાલુ નાણાકીય વર્ષમાં માર્ચ ૨૦૨૪ સુધીના કાર્યક્રમ માટે ૬૦,૦૦૦ કરોડ રૂપિયાના બજેટ ઉપરાંત હશે.

# ગુજરાતમાં હાર્ટએટેકનાં કેસમાં સતત વધારો મોડાસામાં ૩૫ વર્ષનાં ભુવાજીનું અચાનક મૃત્યુ

અરવલ્લી (મોડાસા)તા.૧૧
ગુજરાતમાં ચિંતાજનક રીતે હાર્ટ એટેકના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. રાજકોટમાં જ છેલ્લા બે દિવસમાં ૬ લોકોનાં હાર્ટ-એટેકથી મૃત્યુ થયાં છે. સુરતમાં ૨૬ વર્ષનો યુવાન ગરબાની પ્રેક્ટિસ કરી ખુરસીમાં બેઠો અને ઢળી પડ્યો, રાજકોટમાં ૪૨ વર્ષનો શખ્સ ટૂ-વ્હીલર પર જતો હતો અને છાતીમાં દુખાવો થતાં ઊભો રહ્યો અને ઢળી પડ્યો. જામનગરમાં એક ૧૩ વર્ષના કિશોરનું અને જેતપુરમાં ૧૮ વર્ષની વિદ્યાર્થિનીનું હાર્ટ-એટેકના કારણે અવસાન થયું છે. ત્યારે આજે મોડાસામાં એક ૩૫ વર્ષીય રબારી ભુવાજીનું હાર્ટ એટેકથી મોત થયું છે.

મોડાસામાં ધોલવાણી ગામે રહેતા ૩૫ વર્ષીય સાગર રબારી પોતે ચેહર માતાજીના ભગત હતા અને સમગ્ર અરવલ્લી જિલ્લામાં ભુવાજી તરીકે ખૂબ પ્રસિદ્ધ હતા. તે દરમિયાન તેઓ પોતાના ઘરે જ હતા. એ સમયે એકાએક છાતીમાં દુખાવો ઉપડતા ઢળી પડ્યા હતા. પરિવારના સદસ્યો દ્વારા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા પરંતુ ફરજ પરના તબીબે સાગર રબારીનું એટેકના કારણે મોત નીપજ્યું હોવાનું જણાવ્યું હતું. આમ અરવલ્લીમાં નાની ઉંમરે હાર્ટ એટેક આવ્યો હોય એવી ત્રીજી ઘટના સામે આવી છે. યુવાનોમાં આવી વધતી જતી ઘટનાઓને લઈ સમગ્ર રાજયમાં ખુબજ ચિંતા વ્યાપી છે.

# ગાઝા ઉપર ઈઝરાયેલનાં ભયાનક હવાઈ હુમલા : ૨૨૦૦ ઠેકાણાઓ નષ્ટ : બંને પક્ષનો મૃત્યુઆંક ૩૩૦૦થી વધુ

નવી દિલ્હી, તા.૧૦:
આતંકવાદી સંગઠન હમાસની ઉદ્ધતાઈનો ઈઝરાયેલ સતત જવાબ આપી રહ્યું છે. ઈઝરાયેલમાં હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ ઈઝરાયેલની વાયુસેના છેલ્લા ૭૨ કલાકથી ગાઝા પટ્ટી પર સતત બોમ્બમારો કરી રહી છે. ઈઝરાયેલના બોમ્બમારાથી ગાઝા પટ્ટીમાં મોટાપાયે વિનાશ સર્જાયો છે. ઈમારતો કાટમાળના ઢગલામાં ફેરવાઈ ગઈ છે. ઈઝરાયેલે ગાઝામાં ૨૨૦૦ લક્ષ્યોને નષ્ટ કર્યા. જેમાં હમાસના ૪૭૫ રોકેટ સિસ્ટમ અને ૭૩ કમાન્ડ સેન્ટર સામેલ છે. ઈઝરાયેલે ૨૩ ઈમારતો પર પણ હુમલો કર્યો જેનો ઉપયોગ હમાસ આતંકવાદીઓ કરે છે. આ સિવાય ૨૨ અંડરગ્રાઉન્ડ બેઝ પણ નષ્ટ કરવામાં આવ્યા હતા. પેલેસ્ટાઈનના આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે ગાઝામાં ઈઝરાયેલના બોમ્બ ધડાકામાં ૭૦૪ પેલેસ્ટાઈન માર્યા ગયા હતા, જેમાં ૧૪૩ બાળકો અને ૧૦૫ મહિલાઓનો સમાવેશ થાય છે. જ્યારે ૪,૦૦૦ લોકો ઘાયલ થયા છે. વિજળી-પાણી-ગેસ સપ્લાય પણ બંધ કરી દેવાઈ છે.

ઈઝરાયેલ-પેલેસ્ટાઈન યુદ્ધનો આજે પાંચમો દિવસ છે.દરેક વીતતા દિવસ સાથે યુદ્ધ વધુ ઉગ્ર અને ક્રૂર બની રહ્યું છે. અત્યાર સુધીમાં બંને પક્ષોના ૩૩૦૦થી વધુ નાગરિકો અને સૈનિકો માર્યા ગયા છે. દરમિયાન ઈઝરાયેલે દાવો કર્યો છે કે તેણે ગાઝા સરહદના કેટલાક વિસ્તારોમાં હમાસ પાસેથી નિયંત્રણ પાછું લઈ લીધું છે. ૬ ઓક્ટોબરે હમાસ દ્વારા ઈઝરાયેલ પર કરાયેલા હુમલાને દેશના ૭૫ વર્ષના ઈતિહાસનો સૌથી ભયાનક હુમલો ગણાવવામાં આવી રહ્યો છે.

# હમાસ - ઈઝરાયેલ યુધ્ધથી ભારતનાં ઉદ્યોગોને ગંભીર અસર

નવી દિલ્હી તા. ૧૧ : ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધની ગંભીર અસર ગુરૂગ્રામના ઉદ્યોગો પર પડી રહી છે. અહીં સેગમેન્ટ, ફૂડ અને હેન્ડીક્રાફટ ઈન્ડસ્ટ્રીઝમાંથી માલ સપ્લાય કરવામાં આવે છે. ફલાઈટ્સ કેન્સલ થવાને કારણે કરોડોનો સામાન મોકલવાને લઈને ઉદ્યોગ સાહસિકોની ચિંતા વધી ગઈ છે. જો ઈઝરાયેલમાં યુદ્ધ આમ જ ચાલતું રહેશે તો જિલ્લાના ઉદ્યોગોને મોટું નુકસાન વેઠવું પડશે. તેનાથી ઘણા નવા ઓર્ડર પણ બંધ થઈ જશે. જો યુદ્ધ લાંબા સમય સુધી ચાલુ રહેશે તો આ ક્ષેત્રોમાં કામ કરતા હજારો લોકોની રોજગારી પણ જોખમમાં આવી જશે.

# અફઘાનિસ્તાનમાં ફરી એકવાર ૬.૮ની તિવ્રતાનો ભુકંપનો આંચકો

કાબુલ તા. ૧૧ : અફઘાનિસ્તાનમાં ફરી એકવાર ધરતી ધ્રૂજી છે આજે સવારે ૬.૧૧ વાગ્યે ૬.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો છે. અફઘાનિસ્તાન સિવાય તુર્કમેનિસ્તાન અને ઈરાનની સરહદો પર પણ ભૂકંપ આવ્યો છે. કેન્દ્ર ભૂગર્ભમાં ૧૦ કિલોમીટર ઊંડે હતું. અફઘાનિસ્તાનના હેરાત પ્રાંતની રાજધાનીથી લગભગ ૨૮ કિલોમીટર બહાર આવ્યો હતો. શનિવારે આવેલા ભૂકંપમાં ભારે તબાહી સર્જાઈ હતી. ચાર હજારથી વધુ લોકોના મોત થયા છે. ૯ હજારથી વધુ લોકો ઘાયલ પણ થયા છે. તેમજ ૧૩૦૦થી વધુ મકાનો ધરાશાયી થઈ ગયા. ૨૦ ગામોના બે હજાર મકાનો ધરાશાયી થયા છે.

હાર્દિક શુભેચ્છા...
વુમન કેર / હોસ્પિટલ
ડો. નિલેશ જે. મારકણા
એમ.એસ. (ગાયનેક)
● મેટરનીટી હોમ
● લેપ્રોસ્કોપીક
● સોનોગ્રાફી



બાલાજી એવન્યુ, પહેલો માળ, મોતીબાગ પાસે,
ડો.પાનસુરીયાની સામે, જૂનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૭૫૦૭૭
મો.+૯૧-૮૪૬૯૭ ૭૧૦૫૧

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં શિક્ષણ
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ કિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

રાજકોટથી કોઈ પણ વસ્તુ મગાવો અમારી સાથે
સૌરાષ્ટ્ર ભૂમિ
FlyFast
POWERED BY SAURASHTRA BHOOMI
પાર્સલ સર્વિસ
હવે રાજકોટમાં પણ...
રાજકોટ | જેતલસર | વડાલ | જુનાગઢ
કેશોદ | વેરાવળ | કોડીનાર | પ્રાંચી
ઉના | દીવ |



ડેઈલી પાર્સલ સર્વિસ
CALL : 99097 06464 | 97263 77707
ભકિત નગર સ્ટેશન પ્લોટ, ગોડાઉન રોડ, મનહર પ્લોટ, શેરી નં.-૧૦, ગુજરાત પાન સામે, રાજકોટ- ૩૬૦૦૦૨

‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન અંતર્ગત

# રાજ્યભરમાં આગામી બે મહિના સુધી જનભાગીદારીથી ‘સ્વચ્છતા ઝુંબેશ’ હાથ ધરાશે

ગાંધીનગર તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી તા.૧૫ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી યોજાયેલા ‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન અંતર્ગત રાજ્યમાં યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં સ્વચ્છતા પ્રેમી નાગરિકો સહભાગી થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરેલા આહ્વાનને સફળ બનાવવા ગુજરાતને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવાના ધ્યેય સાથે ‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં આગામી બે મહિના સુધી જનભાગીદારીથી ‘સ્વચ્છતા ઝુંબેશ’ હાથ ધરવામાં આવશે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે, "દરેક વ્યક્તિએ પોતાનો સફાઈ કામદાર થવું જોઈએ અને પોતાનો કચરો પોતે જ ઉઠાવવો જોઈએ". મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે તેમના સ્વચ્છતા અંગેના આદર્શ વિચારોને સાર્થક કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં ’સ્વચ્છતા હી સેવા’ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મક્કમ નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્ય દ્વારા પણ આ અભિયાનને વધુમાં વધુ વ્યાપક બનાવવા જનભાગીદારી થકી વિવિધ સફાઈ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે ‘નિર્મળ ગુજરાત’ના આપેલા વિચારને ‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન સાથે જોડી સમગ્ર ગુજરાતને વધુ સ્વચ્છ-સુઘડ બનાવવાની નેમ સાથે રાજ્યની સેવાભાવી સંસ્થાઓ, મંડળો, વિવિધ એસોશિએશનો સ્વેચ્છાએ સહભાગી થઈને ગુજરાતને વધુ સ્વચ્છ બનાવવા પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી રહ્યાં છે. આગામી બે માસ સ્વચ્છતા અભિયાનને જનઆંદોલન બનાવવા પોરબંદર, છોટાઉદેપુર, હિંમતનગર, સુરત સહિત વિવિધ શહેરોના જાહેર સ્થળો, તીર્થધામો,ધાર્મિક સ્થળો, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, શાળા-કોલેજમાં સ્વચ્છતાની થીમ પર મેગા ડ્રાઈવનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

સ્વચ્છતાની આ મેગા ડ્રાઈવ અંતર્ગત પોરબંદરના માધવપુર ખાતે જિલ્લા પંચાયત, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને સ્થાનિકોના સહયોગથી આવતીકાલે તા.૧૧ ઓક્ટોબરના રોજ સવારે ૦૯ કલાકે સ્વચ્છતા હી સેવા અંતર્ગત જિલ્લાના પ્રવાસન, તીર્થ સ્થળો તેમજ જાહેર સ્થળોએ જનભાગીદારી સાથે સફાઈ અભિયાન હાથ ધરાશે. આ અભિયાનનો માધવપુરમાં કાછબા ઉછેર કેન્દ્ર ખાતેથી પ્રારંભ થશે. જેમાં જિલ્લા પંચાયતના પ્રમુખ તેમજ જિલ્લા વિકાસ અધિકારી અને સ્થાનિક આગેવાનો કાર્યકર્તાઓ જોડાશે.

સ્વચ્છતા મેગા ડ્રાઈવના ભાગરૂપે છોટાઉદેપુર જિલ્લાને સ્વચ્છ-સુઘડ બનાવવાની નેમ સાથે નગરપાલિકા વિસ્તારોમાં શહેરના પ્રવેશ માર્ગોથી બે કિલોમીટર તથા ગ્રામ પંચાયત વિસ્તારોમાં મુખ્ય માર્ગો સાથે જોડાયેલા ગ્રામ્ય વિસ્તારો, મુખ્ય રોડ, બાયપાસ, રીંગ રોડ કે હાઈ-વે આજુબાજુ સફાઈ ઝૂંબેશ તથા સરકારી કચેરીઓ, વસાહતો, વોટરબોડીઝ સહિતના જાહેર સ્થળોએ પણ સ્વચ્છતા માટે અભિયાન હાથ ધરવામાં આવશે.

“સ્વચ્છતા હી સેવા” અંતર્ગત હિંમતનગર શહેરના તમામ નવ વોર્ડમાં નામાંકિત કોન્ટ્રાક્ટરના સહિયોગ થકી “મહા સફાઈ અભિયાન” હાથ ધર્યુ છે. આ અભિયાન અંતર્ગત ૧૧ ઑક્ટોમ્બર સુધી શહેરના તમામ નવ વોર્ડમાં સવારે ૮ થી ૧૨ અને બપોરે બે થી છ કલાક દરમિયાન સફાઈની કામગીરી કરવામાં આવશે. જેના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત હિંમતનગર શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાના હેતુથી શરૂ કરાયેલા “મહા સફાઈ અભિયાન”ને ધારાસભ્ય વી.ડી ઝાલા અને જિલ્લા કલેક્ટર નૈમેષ દવેએ ધાણધા ફાટક ખાતેથી લીલીઝંડી આપી પ્રારંભ કરાવ્યો હતો.

આગામી બે માસ એટલે કે ૮ સપ્તાહ સુધી ચાલનારા ’’સ્વચ્છતા હી સેવા’’ અંતર્ગત રાજ્યવ્યાપી સ્વચ્છતા સફાઈ અભિયાનને વેગ આપવા સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારોની સફાઈ કામગીરીને વધુ સુદ્રઢ બનાવાશે. જેમાં રસ્તાઓ, મહોલ્લાઓની સફાઈ, રોડ પેચવર્કની કામગીરી, ડ્રેનેજ સફાઈ, ફૂટપાથ રિપેર, કર્બ સ્ટોન કલર કામગીરી, બિનજરૂરી ઘાસ તથા છોડના નિકાલની કામગીરી તથા આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ વોર્ડમાં સર્વેની કામગીરીને આવરી લેવાશે. સુરત જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામજનોમાં બિહેવીયર ચેન્જના અભિગમ સાથે ગ્રામજનોના સહયોગથી ગ્રામ્ય વિસ્તારોના ચોક, શેરીઓ, મંદિરો, શાળાઓને સ્વચ્છ અને સુઘડ બનાવવાની કામગીરી હાથ ધરાશે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓનો સહયોગ લેવામાં આવશે. ઉપરાંત, સુરતની તમામ નગરપાલિકાઓ પણ સ્વચ્છતા અભિયાનને તેજ ગતિથી આગળ વધારવા સ્થાનિક સ્તરના જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવશે.આ અભિયાનને આગામી બે માસ દરમિયાન જનભાગીદારી થકી વધુ વ્યાપક બનાવવા ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ, જન - પ્રતિનિધિઓ, પદાધિકારીઓ અને નાગરિકોના શ્રમદાનથી ગુજરાતને ‘સ્વચ્છતા હી સેવા’માં અગ્રેસર રાખવાની પ્રતિબદ્ધતા મુખ્યમંત્રીએ દર્શાવી છે. રાજ્યના મહાનગરપાલિકા વિસ્તારોમાં મહાનગરના પ્રવેશ માર્ગોથી પાંચ કિલોમીટરની હદના વિસ્તારોમાં, નગરપાલિકા વિસ્તારોમાં પ્રવેશ માર્ગોથી બે કિલોમીટર તથા ગ્રામ પંચાયત વિસ્તારોમાં મુખ્ય માર્ગો સાથે જોડાયેલા ગ્રામ્ય વિસ્તારોમાં જનસહયોગથી દર રવિવારે સફાઈ ઝૂંબેશ હાથ ધરાશે. આગામી બે માસમાં જનભાગીદારીથી ગુજરાતને વધુને વધુ સ્વચ્છ અને સુંદર બનાવી સૌ સાથે મળીને ‘સ્વચ્છતા હી સેવા’ મંત્રને સાર્થક કરીએ.

## પ્રભાવ લગ્નમ દ્વારા ૨૦૨૩ના રજીસ્ટ્રેડ મેમ્બર માટે ગેટ ટુ ગેધરનું આયોજન સંપન્ન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

ચેતનાબેન મિશ્રાણીના માર્ગદર્શનની નીચે પ્રભાવ વેવિશાળ માહિતી કેન્દ્ર છેલ્લા ૩૦ વર્ષથી જૂનાગઢ મુકામે કાર્યરત છે. પ્રભાવ લગ્નમની એપ્લિકેશનમાં કોઈપણ રઘુવંશી પોતાની વિગત ફ્રીમાં મુકાવી શકે છે. તારીખ ૮-૧૦-૨૦૨૩ના રોજ રજીસ્ટાર્ટ થયેલા મેમ્બરો માટે ગેટ ટુ ગેધર રાખવામાં આવેલ. જેમાં ૨૦ દીકરીઓ તથા ૩૩ દીકરાઓ તેમજ તેમના વાલીઓએ ભાગ લીધો હતો. ગોપાલ કૃષ્ણ ટ્રસ્ટ ગાંધીગ્રામ ખાતેની નિઃશુલ્ક કાર્યક્રમનું આયોજન કરેલ જેમાં સૌપ્રથમ ગણપતિ સ્તુતિ જલારામ બાપાનો જયઘોષ સાથે કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ હતો. સ્વયં શિસ્ત સાથે ચાલી રહેલો આ કાર્યક્રમ ત્રણથી સાડા સાત સુધી એકબીજાનો પરિચય વિચાર મિટિંગોનો દોર સેવાભાવી કાર્યકરો દ્વારા કરવામાં આવેલ શ્રીમતી હિરવા રૂપારેલીયાએ સભા સંચાલન કરેલ અનિલાબેન બથિયાએ સંસ્થાનો પરિચય આપેલ વિજયભાઈ મિશ્રાણી ભાવિકભાઈ મિશ્રાણી કિશોરભાઈ રૂપારેલીયાએ સમગ્ર કાર્યક્રમ ઉપર દેખરેખ રાખી વ્યવસ્થા સંભાળેલ રેખાબેન ગોટેચા, શ્વેતાબેન મિશ્રાણી તથા હેમાંગીબેન જોટાણીયાએ દરેકનું સ્વાગત કરી કીટ અર્પણ કરેલ. ચેતનાબેન મિશ્રાણીએ વેવિશાળ અંગે માર્ગદર્શન આપેલ હતું. પ્રથમ ચરણમાં પ્રાર્થના વેલકમ ડ્રીક્સ વરીયાળી શરબત બીજા ચરણમાં અલ્પાહારમાં સમોસા તથા જીરા સોડાની બોટલ આપી દરેક રઘુવંશીઓનું યથોચિત સરભરા કરેલ ૧૯૯૦ થી ૨૦૦૦ની સાલમાં જન્મ થયેલા યુવક યુવતીઓએ ભાગ લીધેલ બાયોડેટાની અરસપરસ આપ લે કરી અંતમાં બધાએ રાસોત્સવનો આનંદ માણેલ હતો. પ્રફુલાબેન ઠકરાર, બીનાબેન સોઢા, ભાવનાબેન કોટેચા, ઈલાબેન હિંડોચા, મીનાબેન લાલચેતા, સુધાબેન કારીયા તથા મીનાબેન પરપડાએ હાજર રહી અને કાર્યક્રમની શોભાવ્યો હતો. પ્રભુ કૃપાથી આ પરિચય પરિણયમાં પરિવર્તિત થાય એવા શુભ પ્રયાસો કરવામાં આવેલ તથા સમગ્ર કાર્યક્રમને પ્રભુના ચરણે સમર્પિત કરેલ હતો.

## જૂનાગઢની પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ અંધ કન્યા છાત્રાલયનું "પ્રાચીન રાસ ગરબા હરિફાઈ"માં રાજ્ય કક્ષાએ પ્રથમ નંબર સાથે ઝળહળતું પરિણામ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટની અંધ દીકરીઓ એ પ્રાચીન રાસ ગરબા હરિફાઈમાં પુર્વ તૈયારી અને આત્મવિશ્વાસના સહારે રાજ્ય કક્ષાએ સંસ્થાનું નામ રોશન કર્યું છે. ઓલ ગુજરાત પ્રજ્ઞાચક્ષુ રાસ ગરબા હરિફાઈ ભુજ મુકામે તા.૭-૧૦-૨૩ના રોજ નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ ભુજ બ્રાન્ચ દ્વારા રાસ ગરબાની હરિફાઈનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના દરેક જિલ્લાઓમાંથી જુદી જુદી ૨૬ જેટલી સંસ્થાઓની અંધ કન્યાઓએ આ રાસ-ગરબાની હરિફાઈમાં ભાગ લીધેલ હતો. જે એક પડકાર હતો, જેમાં પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢની અંધ કન્યાઓનો પ્રાચીન ગરબામાં પ્રથમ નંબર આવતા ભુજ સંસ્થા દ્વારા ભવ્ય સન્માન રોકડ પુરસ્કાર, ટ્રોફી અને સર્ટીફીકેટ આપી કરવામાં આવ્યું હતું. આવી ઝળહળતી સફળતા અપાવવા બદલ સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા દ્વારા ખૂબ ખૂબ શુભકામના પાઠવવામાં આવી હતી. આ રાસની તૈયારી દરેક દીકરીઓ જાતે મળીને ખુબ જ ખંત-આત્મ વિશ્વાસ સાથે એક મહિનાથી તૈયારી કરતી હતી. જેમાં તાલની સંગત કરવા માટે તેજસભાઈ ટાંક, હાર્મોનિયમ ઉપર સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી મુકેશગીરી એસ. મેઘનાથી તેમજ ગાયક તરીકે ચાવડા આશાબેન તેમજ રેખાબેન બોખાણી દ્વારા ખુબ જ સુરીલા અને મીઠા મધુરા અવાજથી ભુજનો ટાઉનહોલ ગુંજવી નાખ્યો હતો અને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટ સાથે ખુબ જ હર્ષઉલ્લાસ સાથે મંત્રમુગ્ધ થઈને ખુશીની લાગણી વ્યક્ત કરી હતી. આ રાસ ગરબા હરીફાઈમાં ભુજ લઈ જવા માટે સંસ્થાના ટ્રસ્ટી શાંતાબેન બેસ, સંતોષબેન મુદ્રા તેમજ સાથી સહાયક તરીકે પાયલ મેઘનાથી, હેતવી બેસ, જનકબેન વાઘેલા, મનોજભાઈ જોષી વગેરે દ્વારા સહકાર મળ્યો હતો. તેમજ સંસ્થાના પ્રમુખ અને તમામ ટ્રસ્ટીઓ દ્વારા હજુ પણ આ દીકરીઓ પોતાનું ઉંચેરૂ સ્થાન સર કરે, પોતાનું અને સંસ્થાનું નામ રોશન કરે સાથે સાથે રાજ્યકક્ષાએ પ્રાચીન ગરબામાં ઝળહળતું નામ રોશન કરવા બદલ તમામ ટ્રસ્ટીઓ શુભકામના સાથે અભિનંદન પાઠવે છે.

## ૩૬૦ વન વેલ્થ હુરૂન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૩માં ગુજરાતે ૧૧૦ વ્યક્તિઓએ યોગદાન આપ્યું

**ફાર્માસ્યુટિકલ્સ અને કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ સેક્ટર રાજ્યની યાદીમાં ૩૩% વ્યક્તિઓ સંચિત યોગદાન આપે છે**

wealth 360 ONE | THE RICHEST PEOPLE IN INDIA | HURUN INDIA

અમદાવાદ, ૧૧

હુરૂન રિપોર્ટ ઈન્ડિયા એન્ડ ૩૬૦ વન વેલ્થે ‘૩૬૦ વન વેલ્થ હુરૂન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૩’ ની ૨૦૨૩ આવૃત્તિનું અનાવરણ કર્યું - INR ૧,૦૦૦ કરોડ કે તેથી વધુની સંપત્તિ ધરાવતા સૌથી ધનિક વ્યક્તિઓનું સંકલન. હુરૂન રિપોર્ટ ઈન્ડિયા અને ૩૬૦ વન વેલ્થે આજે ૩૬૦ વન વેલ્થ હુરૂન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૩માં ગુજરાતમાંથી સૌથી ધનિકોનું વધુ વિશ્લેષણ શરૂ કર્યું છે. સંપત્તિની ગણતરીઓ ૩૧મી ઑગસ્ટ ૨૦૨૩નો સ્નેપશોટ છે.

ગુજરાતની યાદીમાં વ્યક્તિઓની સંચિત સંપત્તિમાં ગયા વર્ષની સરખામણીમાં - ૩૧%નો ઘટાડો નોંધાયો છે. ૪ નામો સાથે, ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ્સે અમદાવાદની યાદીમાં INR ૭૧,૬૦૦ કરોડનું યોગદાન આપ્યું છે. INR ૧,૬૦૦ કરોડની સંપત્તિ સાથે, સ્વાતિ એસ લાલભાઈ યાદીમાં સ્થાન મેળવનારી સૌથી ધનિક મહિલા છે. યાદીમાં ૫૫ અમદાવાદના, ૨૭ સુરતના અને ૧૨ વડોદરાના છે.

ઈન્ડિયા રિચ લિસ્ટ વિશે બોલતા, ૩૬૦ વન વેલ્થના સહ-સ્થાપક અને જોઈન્ટ સીઈઓ, યતિન શાહે જણાવ્યું હતું કે, “ગુજરાતએ ફરી એકવાર તેની નોંધપાત્ર આર્થિક ક્ષમતાનું પ્રદર્શન કર્યું છે અને ૧૧૦ વ્યક્તિઓએ પ્રતિષ્ઠિત ૩૬૦ વન વેલ્થ હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૩માં સ્થાન મેળવ્યું છે. પડકારોનો સામનો કરવા છતાં, ગુજરાતની સંચિત સંપત્તિ આશ્ચર્યજનક INR ૧૦,૩૧,૫૦૦ Cr છે, જે તેના રહેવાસીઓની સ્થિતિસ્થાપકતા અને ઉદ્યોગસાહસિક ભાવનાને પ્રકાશિત કરે છે. આ વર્ષની યાદી ફાર્માસ્યુટિકલ્સ અને કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ જેવા ક્ષેત્રોના નોંધપાત્ર યોગદાન સાથે રાજ્યમાં સંપત્તિ સર્જનની વિવિધતા દર્શાવે છે. આ વ્યક્તિઓની સફળતાની ઉજવણી કરવામાં અમને ગર્વ છે જેમણે ભારતની સમૃદ્ધ સંપત્તિમાં પોતાનું નામ કોતર્યું છે.’’

લૉંચ પર ટિપ્પણી કરતા, અનસ રહેમાન જુનૈદે, એમડી અને મુખ્ય સંશોધક, હુરૂન ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, “૩૬૦ વન વેલ્થ હુરૂન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૩ ગુજરાતના ઉચ્ચ વર્ગની અસાધારણ સંપત્તિ રજૂ કરે છે. રાજ્યનો સમૃદ્ધ ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ મુખ્ય પ્રેરક બળ છે, જેનું યોગદાન ૧૮% છે.

## જૂનાગઢથી વેરાવળ રિવોલ્વર અને તમંચો આપવા જતા પરપ્રાંતિયને ઝડપી લેતી પોલીસ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢથી એસટીમાં જતો પરપ્રાંતિય ઈસમને એસઓજીએ વંથલી પોસ બસ રોકાવી રિવોલ્વર, તમંચો અને બે કાર્ટિસ સાથે ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પોલીસમાંથી મળતી વિગત અનુસાર એક પરપ્રાંતિય ઈસમ સ્કૂલબેગ જેવા થેલામાં ગેરકાયદેસર હથિયાર રાખી લાલ કલરની નડિયાદ-સોમનાથ બોર્ડવાળી એસટી બસમાં બેઠા હોવાની અને આ બસ વંથલી તરફ જઈ રહ્યો હોવાની બાતમી મળતા જૂનાગઢ એસઓજીના પીઆઈ એ.એમ. ગોહિલ સ્ટાફ સાથે ધસી ગયા હતા અને જૂનાગઢ-વંથલી હાઈવે ઉપર આવેલો ગેલેકસી ધાબાવાળી ચોકડી ખાતે આ બસ રોકાવી તેમાં તપાસ કરતા મધ્યપ્રદેશના ભીંડ જીલ્લાના રામપુરા ગામનો કુલદીપ છોટેલાલ જાટબ(ઉ.વ.૨૧) નામનો શખ્સ મળી આવ્યો હતો. આ ઈસમની તલાસી લેતા તેની પાસેથી રૂપીયા ૧૫૦૦૦ની કિંમતનો પરવાના વગરનો તમંચો તથા રૂપીયા ૧૦,૦૦૦ની કિંમતની રિવોલ્વર અને રૂપીયા ૨૦૦ના બે જીવતા કાર્ટિસ મળી આવતા તેની ધરપકડ કરી હતી અને કુલ રૂપિયા ૨૫૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરી તેના વિરૂધ્ધ વંથલી પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરાવવામાં આવ્યો હતો.

**સોમનાથ ખાતે હથિયારો આપવાના હતા**

રિવોલ્વર અને તમંચો સાથે પકડાયેલા કુલદીપ છોટેલાલ જાટબ મજુરી કામ કરતો હોવાનું એસપી હર્ષદ મહેતાએ જણાવ્યું હતું. આ શ્રમિકને એમપીના ઈશ્વરીનો રામબલી ઉદેસિંગ ઠાકુરે આપ્યા હતા અને સોમનાથ ખાતે રામબલી જણાવે તે માણસને હથિયારો આપવાના હોવાનું આરોપીએ પુછપરછમાં જણાવ્યું હતું.

**આરોપી પાસેથી એસટીની ૩ ટિકીટ પણ મળી**

આરોપી પાસેથી બે શસ્ત્રો, બે કાર્ટિસ ઉપરાંત આરએસ આરટીસી જાલોર ડેપોની રેવદાર-આબુરોડ રૂટની રૂપિયા ૪૦ની ટિકીટ, આબુરોડ-અમદાવાદની રૂપીયા ૧૮૧ની ટિકીટ અને જીએસઆરટીસી નડિયાદ ડેપોની રાજકોટ-સોમનાથ રૂટની બસની રૂપીયા ૧૭૬ની ટિકીટ મળી આવતા તે પણ તપાસ અર્થે કબ્જે કરવામાં આવી હતી.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : ચંદ્રકાંત સુખલાલભાઈ કોટક તે બીપીનભાઈ(જલારામ સર્કલના સદસ્ય), ધર્મેશભાઈ, કિરણભાઈના પિતાશ્રીનું તા.૯ને સોમવારે અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૨ને ગુરૂવારે વડાલ ગામે તેના નિવાસ્થાન પાસે આવેલા ઓમકારેશ્વર મહાદેવ મંદિરે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

જૂનાગઢ : લાભકુંવરબેન મથુરાદાસ રૂપારેલીયા(ઉં.વ.૯૪) તે સ્વ. મથુરાદાસ રૂપારેલીયાના પત્ની, સ્વ ચીમનભાઈ, દીપકભાઈ રૂપારેલીયા(મનપા)ના માતૃશ્રી, કેતન( લાલો), દીક્ષિતના દાદીમા, શશીભાઈ, કિશનભાઈના ભાભી, માધવજીભાઈ તન્ના (ખડીયા)ના પુત્રી, જમનાદાસ તન્ના(આણંદ)ના બહેનનું તા.૯ ઓક્ટોબરના અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તેમજ પિયર પક્ષની સાદડી તા.૧૨ને ગુરૂવારે સાંજે ૪:૩૦ થી ૬ જાગનાથ મહાદેવ મંદિર, જલારામ સોસાયટી ખાતે રાખેલ છે.

## જૂનાગઢના ટીંબાવાડીમાં એમએસસીના વિદ્યાર્થીએ ગળેફાંસો ખાધો



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

સુત્રાપાડા તાલુકાના લોઢવા ગામના અરજણભાઈ બચુભાઈ બાંભણીયાના ૩ સંતાનો પૈકી પુત્રી વિભાબેન(ઉ.વ.૨૫) જૂનાગઢ મહાનગરપાલિકામાં કેમિસ્ટ તરીકે નોકરી કરે છે અને નાનો પુત્ર ભાર્ગવ(ઉ.વ.૨૩) જૂનાગઢમાં ગ્રીનસીટી ખાતેની ખાનગી કોલેજમાં એમએસસીનો અભ્યાસ કરે છે અને બંને ભાઈ-બહેન જૂનાગઢના ટીંબાવાડી વિસ્તારમાં આવેલ આનંદનગર-બેમાં ભાડાના મકાનમાં રહે છે. દરમ્યાન સોમવારે સવારે ભાર્ગવ નહી ઉઠતા બહેન વિભાબેન ભાઈને ઉઠાડવા માટે ગયા હતા. ત્યારે ભાર્ગવ રૂમમાં ઈલેકટ્રીક પંખા સાથે દોરી વડે લટકતો જોવા મળતા વિભાએ દોરી કાપી નીચે ઉતારી ભાર્ગવને બોલાવતા તે કંઈ બોલતો ન હતો. આમ ભાઈએ ગળેફાંસો ખાઈને મોતને મીઠું કરી લેતા બહેન ઉપર આભ ફાટી પડયું હતું. આ અંગેની જાણ મૃતકના બહેને કરતા સી ડીવીઝન પોલીસે દોડી જઈને યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આમ એક આશાસ્પદ યુવકનું અકાળે મૃત્યું થતા તેના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતક પાસેથી સુસાઈડ નોટ કે કોઈ ચિઠ્ઠી મળી આવી નથી. જેના કારણે મરનાર યુવાનના આપઘાત પાછળનું કારણ બહાર આવ્યું નથી.

## ખંભાળિયા નજીક માર્ગ અકસ્માતમાં આહીર વૃદ્ધનું મૃત્યું : દંપતિ ખંડિત થતા અરેરાટી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

ખંભાળિયા-દ્વારકા ધોરીમાર્ગ ઉપર ખંભાળિયા તાલુકાના કુવાડીયા ગામના વાડી વિસ્તારમાં રહેતા રણમલભાઈ ધાનાભાઈ ચાવડા નામના ૬૫ વર્ષના આહિર વૃદ્ધ તેમના ધર્મપત્ની ભીનીબેન ચાવડાને સાથે લઈને જીજે-૩૭-એ-૭૫૮૯ નંબરના મોટરસાયકલ ઉપર બેસી અને ખંભાળિયા તરફ આવી રહ્યા હતા. ત્યારે જીજે-૦૩-બીટી-૮૫૧૦ નંબરની પાયલ ટ્રાવેલ્સની બસના ચાલકે રણમલભાઈના મોટરસાયકલ સાથે ધડાકા અકસ્માત સર્જ્યો હતો. આ જીવલેણ ટક્કરમાં બાઈક ઉપર જઈ રહેલું આહિર દંપતિ મોટરસાયકલ સાથે ફંગોળાઈ ગયું હતું અને રણમલભાઈ ચાવડાને શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નીપજ્યું હતું.

## જૂનાગઢ : ૫૦,૦૦૦ ઉછીના આપ કહી યુવાન ઉપર ચાર શખ્સોનો હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢના એક યુવાનને મામાજી સસરા સહિત ૪ ઈસમોએ રૂપીયા ૫૦,૦૦૦ ઉછીના આપ તેમ કહીને હુમલો કર્યાની પોલીસમાં ફરિયાદ થઈ છે. આ બનાવની વિગતો એવી છે કે, શહેરના રામદેવપરા વિસ્તારમાં રહેતા વેપારી અંજુમ ઉર્ફે સમીર તારમહમદ જુણેજા(ઉ.વ.૨૧) રાત્રીના તેના ઘરે હતો. ત્યારે તેના મામાજી સસરા ઈકબાલ મોતીભાઈ દલ, સાસુ રસિદાબેન સુલેમાનભાઈ રાજા, સાળો મયુદીન ઉર્ફે બાપુ સુલેમાન રાજા અને સાળી મીનાઝર સુલેમાન રાજાએ યુવકના ઘરે આવી રૂપીયા ૫૦,૦૦૦ ઉછીના આપ તેમ કહ્યું હતું. આથી યુવાને હાલ મારી પાસે પૈસા નથી એમ કહેતા સારે જણાએ ઉશ્કેરાઈ જઈને અંજુમને ઢીકાપાટુનો માર માર્યો હતો તેમજ ઈકબાલ તથા મોયુદીને લાકડાના ધોકા વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીઅન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ તાલીમ સમાપન કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ,તા. ૧૦

વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી, કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા ખાતર વિક્રેતાઓ માટે ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીઅન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સની ૧૫ દિવસીય તાલીમની ૨૮મી બેચ સફળતા પુર્વક પૂર્ણ થઈ હતી. આ તાલીમના સર્ટીફીકેટ વિતરણ કાર્યક્રમ કુલપતિ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ, ડૉ.વી. પી. ચોવટીયાની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ પ્રસંગે કુલપતિએ ડીલર્સ મિત્રોને સંબોધતા જણાવેલ કે, બદલાતા જતા હવામાન અને વિપરીત પાક પરિસ્થિતિ સામે ટકી રહેવા માટે જમીનની ફળદ્રુપતા જાળવવી અનિવાર્ય છે. જે બાબતે ખેડૂતોને જાગૃત કરવામાં તમામ ડીલર્સનો ફાળો જરૂરી છે. આ કાર્યક્રમમાં સંશોધન નિયામક, ડો.આર. બી. માદરીયા ઉપસ્થિત રહયા હતા. તેઓએ રાસાયણિક ખાતરની સાથે બાયો ફર્ટીલાઈઝર અને છાણીયું ખાતર વાપરવા માટે અનુરોધ કર્યો હતો. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડો.એન. બી. જાદવ ડીલર્સને તાલીમ દ્વારા મેળવેલ જ્ઞાન થકી ખેડૂતોને સાચી માહિતી પહોચાડવા જણાવ્યું હતુ. આચાર્ય અને ડીનશ્રી ડૉ. એસ. જી. સાવલીયા એ પાક ઉપયોગી ૧૭ તત્વોના જરૂરીયાત પુર્વક ઉપયોગ ખેડૂતો દ્વારા થાય તેવા પ્રયત્નો કરવા ડીલર્સ મિત્રોને જણાવ્યું હતું. ઈનપુટ ડીલર્સ એસોસિયેશનના જૂનાગઢ જીલ્લાના પ્રમુખ રસિકભાઈ બાથાણી પણ ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં કુલ ૮૬ ડીલર્સ મિત્રોને ૧૫ દિવસીય તાલીમના સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સહ વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.એચ. સી. છોડવડીયા, ખેતીવાડી અધિકારી શ્રી એસ. એમ. ભાભોર અને રીસર્ચ એસોસિયેટ એન. આર. કાવરે કર્યુ હતુ.

# વાઈબ્રન્ટ ગુજરાત-વાઈબ્રન્ટ સમિટથી જૂનાગઢના ઔદ્યોગિક વિકાસને મળશે નવા આયામ

## કલેકટર અનિલકુમાર રાણાવસિયાના નેતૃત્વમાં વાઈબ્રન્ટ જૂનાગઢ સમિટની પૂરજોશમાં ચાલતી તૈયારીઓ

જૂનાગઢ, તા.૧૧

કૃષિ આધારિત જૂનાગઢ જિલ્લાને વિકાસની નવી ઉંચાઈઓ મળવા જઈ રહી છે. આ માટે માધ્યમ બનશે જૂનાગઢ આંગણે પ્રથમવાર યોજાઈ રહેલ વાઈબ્રન્ટ ગુજરાત-વાઈબ્રન્ટ જૂનાગઢ સમિટ. જેમાં ઉદ્યોગકારો એક મંચ પર આવશે અને ઉદ્યોગિક વિકાસને નવા આયામ આપી શકાય તે માટે વિચારવિમર્શ કરશે અને સાથોસાથ નવું રોકાણ પણ કરશે.

આ સંદર્ભમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર ધૈર્ય જોશી કહે છે કે, કૃષિ આધારિત જૂનાગઢ જિલ્લામાં ઘણાં ઉદ્યોગ આવેલા છે. તેમાં વધુ વિકાસની ભરપૂર તકો રહેલી છે. આપણે કૃષિ ઉત્પાદનોની જે નિકાસ કરી રહ્યા છીએ. તેને હજુ વધુ મહત્તમ સ્કેલ ઉપર લઈ જઈ શકાય તેમ છે. આમ, અગ્રો બેઈઝ્ડ ઈન્ડસ્ટ્રીમાં રહેલી તકોને વધુ મોટા ફલક પર લઈ જવાશે. જેથી એક્સપોર્ટ પણ વધશે.

ઉપરાંત આપણાં જિલ્લાના મગફળી, કેરી સહિતના જે ઉત્પાદનો છે, તેનો વ્યાપાર સીઝન કે નિશ્ચિત સમયગાળા પૂરતો મર્યાદિત છે. આ વ્યાપાર-બિઝનેસને ટેકનોલોજી અને ઉદ્યોગકારોના સમન્વયથી સમગ્ર વર્ષ દરમ્યાન ધમધમતો રહે તેવા પણ વાઈબ્રન્ટ ગુજરાત-વાઈબ્રન્ટ જૂનાગઢ સમિટ માધ્યમથી પ્રયાસો કરવામાં આવશે. જૂનાગઢ જિલ્લા પાસે કુદરતી સંપદા ભરપુર છે, કૃષિમાં વિવિધ પાકોનું વાવેતર કરવામાં આવે છે. તેને કેન્દ્રિત ઘણાં ઉદ્યોગો પણ છે. ત્યારે આ કડીમાં વધુ નવા ઉદ્યોગો શરૂ થાય ઉપરાંત અન્ય ઉદ્યોગો પણ જિલ્લામાં વિકસે તે માટે પણ કવાયત હાથ ધરવામાં આવી છે.

વાઈબ્રન્ટ ગુજરાતની તર્જ ઉપર જિલ્લા સ્તરે વાઈબ્રન્ટ ડીસ્ટ્રીકના કાર્યક્રમ રાજ્યભરમાં રાજ્ય સરકારે યોજવાનું નક્કી કર્યું છે તેમ જણાવતા ધૈર્ય જોશી કહે છે કે,૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીથી વાઈબ્રન્ટ ગુજરાત સામે દર બે વર્ષે યોજાય છે. ત્યારે પ્રથમવાર જિલ્લા આ પ્રકારની સમિટથી ઉદ્યોગિક વિકાસને નવી ગતિ પ્રદાન થશે. હાલ કલેકટર અનિલકુમાર રાણાવસિયાના નેતૃત્વમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વાઈબ્રન્ટ જૂનાગઢ સમિટનો પૂર્વ તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

# શ્રમિક શિક્ષા બોર્ડ રાજકોટ અને સોરઠ યુવા મંડળના સયુંક્ત ઉપક્રમે વિવિધ તાલીમ યોજાઇ

જૂનાગઢ, તા.૧૧

ભારત સરકારના શ્રમ વિભાગ દ્વારા ચાલતા દંનતો ઉપાધ્યાય ઠેગરી શ્રમિક શિક્ષા બોર્ડ રાજકોટ અને સોરઠ યુવા મંડળ જૂનાગઢ ખાતે વિવિધ તાલીમો યોજાયેલી જેમાં બે શ્રમિક ચોપાલ અને એક દિવસીય શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામ જીલ્લા મહિલા મંડળના આંગણે યોજવામાં આવેલ જેમાં ૮૦ જેટલાં બહેનો હાજર રહેલા. વિવિધ વકતાઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. શ્રમિક શિક્ષા બોર્ડના રિજ્યોનલ ડાયરેક્ટર જે.જે.પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને બહેનોને સરકાર અને શ્રમ કલ્યાણની યોજનાઓ વિશે જાણકારી આપી હતી તેમજ ડો.પ્રધ્યુમન ખાચર અને ભાવેશ જાદવ દ્વારા બહેનોને રોજગારી અને મોટિવેશન ઉપર જાણકારી આપી હતી. મહાનગરપાલિકામાં સેવા આપતા રાજેશ્રીબેને સખી મંડળ અને લોનની યોજવા વિશે માર્ગદર્શન આપેલ સમગ્ર કાર્યક્રમનું અયોજન સોરઠ યુવા મંડળના પ્રમુખ અલતાફભાઈ કુરેશી દ્વારા કરવામાં આવેલ તેમજ જીલ્લા મહિલા મંડળના સ્ટાફગણ ધર્મીઠાબેન કિશોરભાઈ અનુપભાઈ વગેરે હાજર રહેલા અને સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા માટે અસમા કુરેશી, પીયૂસભાઈ જાદવ, સરતાજબેન સુમરા અને રસીદાબેન બેલીમ જહેમત ઉઠાવી હતી.

# ૧૫ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓ માટે સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજાશે

## પ્રવાસમાં જોડાવા ઈચ્છતા યુવક - યુવતીઓ આવતીકાલ તા.૧૨ ઓકટોબર સુધી અરજી કરવી

જૂનાગઢ તા.૯

ગુજરાત રાજયના ૧૫ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓ રાજયના જુદા-જુદા વિસ્તારો, સાગર સંપતિ, ઉદ્યોગો તગા સાગરકાંઠે વસવાટ કરતી પ્રજાનું લોકજીવન, મુશ્કેલીઓ તેમની કલા અને સંસ્કૃતિ વગેરેનો પ્રત્યક્ષ પરિચય થાય તથા સાગરલક્ષી પ્રવૃતિઓમાં ભાગ લેવા પ્રેરાય તેવા ઉમદા હેતુથી પ્રતિ વર્ષ ૧૫ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓ માટે સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજવામાં આવે છે. આ પ્રવાસમાં જોડાવા ઈચ્છતા યુવક-યુવતીઓ કે જેઓ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા હોય તેમણે પોતાના જિલ્લાના જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ખાતેથી નિયત નમુનાનું ફોર્મ મેળવી પોતાનું નામ-સરનામુ, મોબાઈલ નંબર૪ જન્મ તારીખ, શૈક્ષણીક લાયકાત,વ્યવસાય, એન.સી.સી./પર્વતારોહણ/ રમતગમત સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો તેની વિગત, શારીરિક તંદુરસ્તી ધરાવતા હોવાનું તબીબી પ્રમાણપત્ર, વાલીની સંમતિ,તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો, ઓળખ કાર્ડ, અગાઉ આ કાર્યક્રમમાં ભાગ લીધેલ હોય તો તેની વિગત વગેરે માહિતી દર્શાવતી અરજી તા.૧૨/૧૦/ ૨૦૨૩ સાંજે ૬-૦૦ વાગ્યા સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, બ્લોક નં.૧/૧, બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ-૩૬૨001 (ફોન નં.૦૨૮૫-૨૬૩૦૪૯૦) ખાતે મોકલી આપવાની રહેશે. એમ જૂનાગઢ જિલ્લા યુવા વિકાસ અધિકારી એન.ડી.વાળાની એક અબખારી યાદીમાં જણાવાયુ છે.

# વિશ્વ અવકાશ સપ્તાહ-૨૦૨૩ની વિવિધતા સભર ઉજવણી કરતું ગીર સોમનાથ જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર



સોમનાથ, તા.૧૧

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર પ્રસ્થાપિત ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા તારીખ.૪/૧૦/૨૦૨૩ થી તા.૧૦/૧૦/૨૦૨૩ 'વર્લ્ડ સ્પેસ વીક'ની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

આ અંગે વિસ્તૃત માહિતી આપતા લોક વિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડિનેટર નરેશભાઈ એન. ગુંદરણીયા એ જણાવેલ કે દર વર્ષે ૪ થી ૧૦ ઓક્ટોબર દરમ્યાન વર્લ્ડ સ્પેસ વીકની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષ ૨૦૨૩ની થીમ 'સ્પેસ અને ઉદ્યોગ સાહસિકતા' છે. ૪ ઓક્ટોબર ૧૯૫૭માં સૌ પ્રથમ વાર માનવ નિર્મિત ઉપગ્રહ 'સ્પૂતનિક ૧'ને અવકાશમાં તરતો મૂકાવાની અને ૧૦ ઓક્ટોબર ૧૯૬૭માં ચંદ્ર અને અન્ય અવકાશી પદાર્થો સહિત બાહ્ય અવકાશના અન્વેષણ અને શાંતિપૂર્ણ ઉપયોગોમાં રાજ્યોની પ્રવૃત્તિઓને સંચાલિત કરતા સિદ્ધાંતો ઉપરની સંધિ પર થયેલા હસ્તાક્ષરની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

વિશ્વ અવકાશ સપ્તાહની વિવિધતા સભર ઉજવણીમાં લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ઓનલાઈન ક્વિઝ નું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૫૫૦ થી વધારે લોકોએ ભાગ લીધેલ ત્યારબાદ લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક શાળા ખાતે મોડેલ રોકેટ મેકિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૨૦૦ થી વધારે બાળકોએ ભાગ લીધેલ જેના તજજ્ઞ તરીકે પી.એમ. બામણીયા તથા આર.કે. બારડ રહ્યા હતા ત્યારબાદ શ્રી રાજ આશ્રમશાળા પ્રભાસ પાટણ ખાતે વિડિયો નિર્દર્શન તથા પીપીટી પ્રેઝન્ટેશન દ્વારા વિશ્વ અવકાશ સપ્તાહ વિશે બાળકોને માહિતી આપવામાં આવેલ જેમાં કુલ ૧૫૦ થી વધારે બાળકોએ ભાગ લીધેલ જેના તજજ્ઞ તરીકે લોક વિજ્ઞાન કેન્દ્રના સાયન્સ કમ્યુનિકેટર ધર્મેશભાઈ મકાણી રહેલ. આ સંદર્ભે તારીખ ૮ ઓક્ટોબર ૨૦૨૩, રવિવારના રોજ રીજીયોનલ સાયન્સ સેન્ટર રાજકોટ ખાતે વિવિધ સાયન્ટીફીક પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવેલ, જેમાં ડો. વિક્રમ સારાભાઈ સ્પેસ એપ્લીકેશન સેન્ટર (એસએસી) ખાતે કાર્યરત વૈજ્ઞાનિકો રીજીયોનલ સાયન્સ સેન્ટર રાજકોટ પર પધારેલ અને ઈસરોના 'ગગનયાન' પ્રોજેક્ટ પર પોતાનું વ્યાખ્યાન આપેલ. આ કાર્યક્રમનો સમય સવારે ૧૧:૩૦ થી ૦૧:૦૦ કલાક સુધીનો હતો. આ સેશનમાં અવકાશ વિજ્ઞાન સાથે જોડાયેલી અનેક રસપ્રદ માહિતીઓથી વિદ્યાર્થીઓ અને જાહેર જનતાને લાભ મળે તેવા હેતુથી લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ નિહાળવાની વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં કોલેજ કક્ષાના ૮૦ જેટલા બાળકો સામેલ થયા હતા. ત્યારબાદ લોકવિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ ખાતે આકાશ દર્શન કાર્યક્રમ પણ રાખવામાં આવેલ હતો જેમાં કુલ ૧૨૫ જેટલા લોકોએ ભાગ લીધેલ હતો જેના તજજ્ઞ તરીકે લોક વિજ્ઞાન કેન્દ્રના એકેડેમી કો-ઓર્ડીનેટર વિજયભાઈ કોટડીયા રહ્યા હતા.

# વર્લ્ડ ઈન્વેસ્ટર વીક ૨૦૨૩ના ઉપક્રમે SEBI તેમજ BSE - IPFના સંયુક્ત ઉપક્રમે રોકાણકારોને માટે આજે માર્ગદર્શક સેમિનાર

જામનગર, તા.૧૧

વર્લ્ડ ઈન્વેસ્ટર વીક ૨૦૨૩ના ઉપક્રમે સિક્યુરિટી એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) તેમજ બોમ્બે સ્ટોક એક્સચેન્જ ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડ (BSE - IPF)ના સંયુક્ત ઉપક્રમે રોકાણકારોને માટે માર્ગદર્શન સેમિનારનું આયોજન આજ તા.૧૧/૧૦/ ૨૦૨૩ બુધવારના રોજ સાંજે ૪ કલાકે, ધ ફર્ન રેસીડેન્સી, JCR સિનેમા પ્રાઈવેટ લિમિટેડ, ઠેબા ચોકડી, દ્વારકા બાયપાસ રોડ, જામનગર ખાતે કરવામાં આવેલ છે, જેમાં મુખ્ય અતિથિ વિશેષ સ્પીકર તરીકે BSE - IPF હેડ કાર્તિકભાઈ બાવીસી તેમજ ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટના સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલિસ્ટ નિખિલભાઈ ભટ્ટ દ્વારા રોકાણકારોને શેરબજારમાં રોકાણ તેમજ ટ્રેડીંગ સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવશે અને રોકાણકારોના પ્રશ્નોનું નિરાકરણ સંદર્ભે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ઈચ્છા ધરાવતા રોકાણકારોએ નામ તેમજ મોબાઈલ નંબર સાથે કાર્તિકભાઈ બાવીસી મો. ૯૮૨૫૯૯૬૯૩૦ ઉપર સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રોકાણ સંદર્ભે ઈચ્છા ધરાવતા રોકાણકારો તેમજ સ્ટોક બ્રોકિંગ મિત્રોને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

# જૂનાગઢની જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ અને હોસ્પિટલના સુપ્રિમોની ગિરનારી ગ્રુપના સભ્યો દ્વારા લીધી શુભેચ્છા મુલાકાત



જૂનાગઢ તા. ૧૦


જૂનાગઢની જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના સુપ્રીમો ડીન ડૉ. હણમંત આમને, એડિશ્નલ ડીન ડો.પૃથ્વીસિંહ વાઘેલા, આસિસ્ટન્ટ ડીન ડો.અમિત ત્યાગી, એડિશનલ સુપ્રિટેન્ડન્ટ ડો.દિગંત સિકોતરાની ગિરનારી ગ્રુપના સભ્ય દ્વારા શુભેચ્છા મુલાકાત લેવામાં આવેલી હતી અને શુભકામના પાઠવવામાં આવી હતી.

# વડાલ ખાતે ડો જયકાંત મોવલીયાના સહયોગથી કપિન થેરાપી ફ્રિ નિદાન સારવાર કેમ્પ યોજાયો



જૂનાગઢ, તા.૧૧

વડાલ ખાતે રવિવાર તા.૮/૧૦/૨૦૨૩ ના રોજ ફ્રિ સારવાર અને નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ૬૦ દર્દીઓની સારવાર કરવામાં આવેલ હતી. આ કેમ્પનો રોકડિયા હનુમાન મંદિરના મહંત રામ માનહરદાસબાપુ, સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા તથા હરસુખભાઈ વઘાસિયા સમૂહ લગ્ન પ્રણેતા અને સમાજસેવકના હસ્તે ખુલ્લું મૂકવામાં આવેલ હતું. આ કેમ્પમાં કપિન થેરાપી, ચામડી રોગ, કમરનો દુઃખાવો, ગોઠણનો દુઃખાવો, માથાનો દુઃખાવો, સ્કીન એલર્ઝી વગેરે રોગોના નિષ્ણાંત ડો. પ્રતીક્ષાએ ફ્રીમાં સેવા આપેલ હતી અને ડૉ. જયકાંતભાઈ મોવાલીયાએ પોતાનું ક્લિનિક ફ્રી સેવા આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મધુભાઈ કાપડિયા, જયેશભાઈ ભુવા તેમજ ડો.મોવલીયાના સ્ટાફના સહયોગથી આ કેમ્પ સફળ થયો હતો.



ચાઈનીઝ ચોખા અને ડુપ્લીકેટ દુધની ખીર હોય તેવું લાગ્યું !



તમે કાગવાસ નાખશો તો કંઈ સાંપ્રદાયિક નહિં કહેવાઓ, ચિંતા ન કરો ...!

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

## ઈઝરાયલની ટેકનોલોજી અને આતંકવાદ સામે લડવાની ક્ષમતા દાદ માંગે તેવી છે

ઈઝરાયલનો સમાવેશ અત્યાધુનિક ટેકનૉલૉજી અને સૈન્યક્ષમતામાં વિશ્વના અગ્રતમ દેશોમાં થાય છે. ઈઝરાયલ, હૉંગકૉંગ અને દક્ષિણ કોરિયાનાં અર્થતંત્રોને સમગ્ર વિશ્વમાં સૌથી વધુ સ્થિર ગણવામાં આવે છે. શૂન્ય ટકા મોંઘવારી દર અને ઘણી ઓછી બેરોજગારીને કારણે એવું માનવામાં આવે છે. ભારત માટે ઈઝરાયલ બે કારણસર મહત્ત્વનું છે. એક કારણ છે- ઈઝરાયલની ટેકનૉલૉજી તથા આતંકવાદ સામે લડવાની ક્ષમતા અને બીજું કારણ છે- પશ્ચિમી દેશોમાં યહૂદીઓનું સજ્જડ લૉબિગ. ભારતને એ બન્નેની જરૂર છે એ દેખીતું છે. ભારતીય જનતા પાર્ટી જનસંઘના સમયથી ઈઝરાયલની પ્રશંસક રહી છે. ૧૯૭૭માં મોરારજી દેસાઈ વડા પ્રધાન બન્યા ત્યારે અટલ બિહારી વાજપેયીને વિદેશમંત્રી બનાવવામાં આવ્યા હતા. એ સમયે ઈઝરાયલના વિદેશમંત્રી ગુપચુપ ભારત પ્રવાસે આવ્યા હતા. અટલ બિહારી વાજપેયી વડા પ્રધાન બન્યા ત્યારે ઈઝરાયલના તત્કાલીન વડા પ્રધાન ઍરિયલ શૅરોન ભારતના પ્રવાસે આવ્યા હતા.

ઈઝરાયલની કહાણી ૧૦૯૫માં જેરૂસલેમથી શરૂ થાય છે. જેરૂસલેમને ઈઝરાયલ પોતાની અવિભાજિત રાજધાની માને છે, જ્યારે પેલેસ્તાઈન પૂર્વ જેરૂસલેમ પર ૧૯૬૭માં અરબ-ઈઝરાયલ વચ્ચેના યુદ્ધમાં ઈઝરાયલે કબજો જમાવ્યો હતો. આ સ્થળ ઈસ્લામ, યહૂદી અને ખ્રિસ્તી ધર્મમાં મહત્ત્વનું રહ્યું છે. પયગંબર ઈબ્રાહિમને ઈતિહાસ સાથે જોડનાર આ ત્રણ ધર્મો જેરૂસલેમને પોતાના ધર્મનું પવિત્ર સ્થળ માને છે. એ જ કારણ છે કે સદીઓથી મુસ્લિમો, યહૂદીઓ અને ખ્રિસ્તીઓના હૃદયમાં આ શહેરનું નામ વસેલું છે. પવિત્ર શહેર જેરૂસલેમ માટેનો ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચેનો વિવાદ ઘણો જૂનો છે.જેરૂસલેમ એ ઈઝરાયલ અને આરબ રાષ્ટ્રો વચ્ચેની તાણનો સૌથી વિવાદિત મુદ્દો પણ રહ્યો છે.

ઈઝરાયલ બન્યું એ પહેલાં વીસમી સદીની શરૂઆતથી જ હજારો યહૂદીઓ આ પ્રદેશમાં આવવા લાગ્યા હતા. યહૂદીઓએ યુરોપ તથા રશિયામાં પારાવાર યાતના સહન કરવી પડી હતી. યહૂદીઓ પર આરબ વિશ્વમાં પણ અત્યાચાર થયા હતા. બીજા વિશ્વયુદ્ધમાં નાઝીઓએ યહૂદીઓ પર અત્યાચાર કર્યા પછી તેઓ મોટા પ્રમાણમાં આ પ્રદેશમાં આવ્યા હતા.પેલેસ્ટાઈનના આ પ્રદેશનું શું કરવું તેનો ફેંસલો સંયુક્ત રાષ્ટ્રએ કરવો જોઈએ એવો નિર્ણય બીજા વિશ્વયુદ્ધ પછી બ્રિટને કર્યો હતો. સંયુક્ત રાષ્ટ્રએ પેલેસ્ટાઈનને બે દેશમાં વહેંચી નાખવાનું સૂચન કર્યું હતું. એક દેશ આરબો માટે અને બીજો યહૂદીઓ માટે. આરબોએ સંયુક્ત રાષ્ટ્રના આ સૂચનનો અસ્વીકાર કર્યો પરંતુ યહૂદી નેતાઓએ સંયુક્ત રાષ્ટ્રનું આ સૂચન સ્વીકારીને ઈઝરાયલની રચનાની જાહેરાત કરી દીધી. અમેરિકાના તત્કાલીન પ્રમુખે એ સમયે જ ઈઝરાયલની રચનાને માન્યતા આપી દીધી હતી. ઈઝરાયલની જાહેરાત સાથે જ યુદ્ધ શરૃ થઈ ગયું હતું. જે મહિનાઓ સુધી ચાલ્યું હતું. એ પછી ઈઝરાયલ અને તેના પાડોશી આરબ દેશ યુદ્ધ રોકવા સહમત થયા હતા. સમય જતાં ઈઝરાયલને એક સ્વતંત્ર દેશ તરીકે આંતરરાષ્ટ્રીય માન્યતા મળવી શરૂ થઈ હતી.

પેલેસ્ટાઈન હજુ સુધી કોઈ દેશ નથી, પણ વેસ્ટ બૅંક અને ગાઝા પટ્ટીને ભેળવીને પેલેસ્ટાઈનીઓ એક અલગ દેશ બનાવવા ઈચ્છે છે. ઈઝરાયલ અને પેલેસ્ટાઈન બન્ને જેરુસલેમને પોતાની રાજધાની બનાવવા ઈચ્છે છે. અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જેરૂસલેમને ઈઝરાયલની રાજધાની તરીકે માન્યતા આપી હતી. જોકે, સંયુક્ત રાષ્ટ્રની જનરલ ઍસેમ્બ્લીમાં વિશ્વના મોટા ભાગના દેશોએ એ પ્રસ્તાવને ફગાવી દીધો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અતિથિનો યોગ્ય સત્કાર કરવો એ ઘરનો વૈભવ છે.
- વેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા વદ-૧૨ બારસનું શ્રાધ્ધ, રેટિયા બારસ, બાળા-ભોળા અને સન્યાસીનું શ્રાધ્ધ તા.૧૧ ઓક્ટોબર ૨૦૨૩, બુધવાર, પારસી તા.૨૭, મુસ્લિમ તા.૨૫, મઘા નક્ષત્ર, શુભ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૪૭, સૂ.અ.૬:૨૯
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વિલંબમાં પડેલા કાર્યો પૂર્ણ થાય. સંતાનથી લાભ થાય.
વૃષભ:નકારાત્મક વિચારોથી મન ભરાયેલું રહે. વ્યર્થ ઉદાસીનતા રહે.
મિથુન:મનમાં મૂંઝવણ રહે. અપયશના ભોગ બનવું પડે.
કર્ક: ઇચ્છીત પરિસ્થિતિનું નિર્માણ થાય. સમસ્યાનો ઉકેલ મળે.
સિંહ: નવિન સમાચાર મળે. ચિંતાનું સમાધાન થાય.
કન્યા: રોકાયેલા નાણાં છૂટા થાય. નવિન આયોજન કરી શકશો.
તુલા: તકનો લાભ ઉઠાવી શકશો. આર્થિક લાભની તક મળે.
વૃશ્ચિક:વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ. બીજાઓ સાથે સંઘર્ષ ટાળવો.
ધન: પ્રતિકૂળ સંજોગોમાંથી માર્ગ કાઢી શકશો. મનમાં આનંદ રહે.
મકર: નાણાંભીડ અનુભવાય, મનમાં વ્યથા રહે.
કુંભ: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. અંગત મૂંઝવણ દૂર થાય.
મીન: કાર્ય સફળતા માટે મહેનત કરવી પડે.

# મધ્યપ્રદેશ અને રાજસ્થાન ભાજપના બે શક્તિશાળી નેતાઓને લઈને મોટું સસ્પેન્સ




નવી દિલ્હી, તા.૧૧
મધ્યપ્રદેશ અને રાજસ્થાનના બે શક્તિશાળી અને દિગ્ગજ નેતા હાલના દિવસોમાં ભારે મૂંઝવણ અને તેમની ભૂમિકાને લઈને ભારે સસ્પેન્સના સમયગાળામાંથી પસાર થઈ રહ્યા છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ ચૂંટણીની જાહેરાતના થોડા દિવસો પહેલા ભાવુક જોવા મળ્યા હતા. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે જો રાજ્યમાં ભાજપ ફરી સત્તામાં વાપસી કરશે તો તો શિવરાજને કદાચ સુકાની પદ નહીં મળે. એવા સંકેતો છે કે દિલ્હી હાઈકમાન્ડ સીએમ શિવરાજને હવે સીએમ પદનો મોહ છોડવા કહી શકે છે. હાલમાં જ પોતાના વિધાનસભા ક્ષેત્ર બુધનીમાં એક રેલીને સંબોધિત કરતા શિવરાજે લોકોને પૂછ્યું કે શું તેમણે ચૂંટણી લડવી જોઈએ કે નહીં? આ પહેલા પણ મુખ્યમંત્રીએ તેમના ગૃહ જિલ્લા સિહોરમાં એક સભામાં કહ્યું હતું કે તેમના ગયા પછી લોકો તેમને યાદ કરશે. ખરેખર તો આ ચૂંટણીમાં દિલ્હી દરબારની ઉદાસીનતાના કારણે શિવરાજ સિંહ ચૌહાણની બેચેની વધી ગઈ છે. ચૂંટણી વ્યવસ્થાપનથી માંડીને ટિકિટ વિતરણ સુધી તમામ બાબતો પર રાજ્યમાં હાઈકમાન્ડનું નિયંત્રણ છે. આવી સ્થિતિમાં શિવરાજ ચિંતિત દેખાય છે. દરેક ચૂંટણીમાં યોજાતી જન આશીર્વાદ યાત્રામાં તેઓ પ્રથમ વખત મુખ્ય ચહેરો નહોતા. પાર્ટી પણ પોતાના ચહેરાને બદલે મોદીના ચહેરાને સામે રાખીને ચૂંટણી મેદાનમાં ઉતરી છે. ભાજપની બીજી યાદીએ પણ ચૌહાણની ચિંતા વધારી દીધી છે. પાર્ટીએ ત્રણ કેન્દ્રીય મંત્રીઓ સહિત ચાર સાંસદોને મેદાનમાં ઉતાર્યા છે. કેન્દ્રીય મંત્રી નરેન્દ્ર સિંહ તોમર, પ્રહલાદ પટેલ, ફગ્ગન સિંહ કુલસ્તે અને સાંસદ ગણેશ સિંહ, રાકેશ સિંહ, ઉદય પ્રતાપ સિંહ અને રીતિ પાઠક ચૂંટણી લડી રહ્યા છે. જ્યારે પાર્ટીના મહાસચિવ કૈલાશ વિજયવર્ગીય ઈન્દોર ૧ બેઠક પરથી મેદાનમાં છે. શક્તિશાળી નેતાઓ મેદાનમાં ઉતર્યા બાદ, એવી અટકળોએ જોર પકડ્યું છે કે પાર્ટી રાજ્યમાં નેતૃત્વ બદલવાની વિચારણા કરી રહી છે. આ નેતાઓને મેદાનમાં ઉતારીને પાર્ટીએ માત્ર શિવરાજને જ નહીં પરંતુ જનતાને પણ સંદેશ આપ્યો છે કે જો પાર્ટી ૨૦૨૩માં જીતશે તો આમાંથી એક નેતાને સરકારનું નેતૃત્વ સોંપવામાં આવી શકે છે. જો કે, પાર્ટીએ હજુ સુધી સીએમ ચહેરાની જાહેરાત કરી નથી કે ચૌહાણને ફરીથી સીએમ બનાવવાની કોઈ ખાતરી આપી નથી. આવી સ્થિતિમાં ચૌહાણ એકલા લડતા જોવા મળે છે. શિવરાજ દરરોજ ઓછામાં ઓછી ત્રણથી ચાર રેલીઓ કરતા જોવા મળે છે. દરેક રેલીમાં તેઓ પોતાના ૧૮ વર્ષના કાર્યકાળમાં થયેલા કામો વિશે જનતાને જણાવી રહ્યા છે. ભાજપના અન્ય એક નેતા અને રાજસ્થાનના પૂર્વ સીએમ વસંધુરા રાજે સિંધિયા પણ આવી જ મુંઝવણમાં ફસાયા છે. રાજ્યના પૂર્વ સીએમ અને શક્તિશાળી નેતાને હજુ સુધી કોઈ મહત્વની જવાબદારી આપવામાં આવી નથી. આમ છતાં રાજે ચૂંટણી પહેલા જ પોતાના પ્રચારમાં વ્યસ્ત છે. તે પોતાના સમર્થકો દ્વારા આયોજિત કાર્યક્રમોમાં સતત ભાગ લેતા રહે છે. પરંતુ ચૂંટણીમાં ભૂમિકા નક્કી ન થવાને કારણે વસુંધરા ચિંતિત અને નારાજ છે. તેની અસર ભાજપની પરિવર્તન યાત્રાઓમાં પણ જોવા મળી હતી. રાજસ્થાનમાં જયપુર, ચિત્તોડગઢ અને જોધપુરમાં પીએમ મોદીની સભાઓથી વસુંધરા અને તેમના સમર્થકોની આશાઓને ફરી એકવાર ઝટકો લાગ્યો. જ્યારે મોદીએ વારંવાર કહ્યું કે રાજસ્થાનમાં ભાજપનો ચહેરો માત્ર 'કમળનો ફૂલ' નું પ્રતીક જ હશે. મોદીએ વારંવાર સ્પષ્ટ કર્યું છે કે રાજસ્થાનમાં ભાજપ કોઈના ચહેરા પર ચૂંટણી નહીં લડે. એટલે કે રાજસ્થાનની ચૂંટણી પણ મોદીના ચહેરા પર જ લડવામાં આવશે. પૂર્વ સીએમ રાજેના ચહેરા પર ભાજપની ઉદાસીનતા સ્પષ્ટ દેખાય છે. રાજકીય વર્તુળોમાં આને લઈને અનેક અર્થ કાઢવામાં આવી રહ્યા છે. જયપુર, ચિત્તોડગઢ અને જોધપુરમાં પીએમની સભાઓ પર નજર કરીએ તો વસુંધરાને એક પણ જગ્યાએ સંબોધન કરવાનો સમય આપવામાં આવ્યો ન હતો. માત્ર વિપક્ષના નેતા રાજેન્દ્ર રાઠોડ, ગજેન્દ્ર સિંહ શેખાવત અને સીપી જોશી પીએમ મોદીની સભાને સંબોધતા જોવા મળે છે. આ વાત વસુંધરાના સમર્થકોને ઘણી પરેશાન કરી રહી છે. વડાપ્રધાનની બેઠકો દરમિયાન વસુંધરાને સાઈડલાઈન કરવામાં આવી રહ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ છે. વસુંધરાનું ભાષણ પણ જયપુરમાં થયું ન હતું. આ દરમિયાન મોદીએ વસુંધરાને એક ક્ષણ પણ જોયા ન હતા. ત્યારથી વસુંધરાના ચહેરા પર ચિંતાની રેખાઓ સ્પષ્ટ દેખાઈ રહી છે. તાજેતરમાં જ અમિત શાહ અને જેપી નડ્ડા જયપુર આવ્યા હતા. આ દરમિયાન તેમણે વસુંધરા સાથે લાંબા સમય સુધી વાત કરી. જોકે, આ મીટિંગ બાદ વસુંધરા ખૂબ જ ખુશ દેખાઈ રહી હતી. રાજકારણમાં એવી અટકળો ચાલી રહી હતી કે બંને નેતાઓએ વસુંધરાને મનાવી લીધા છે. પરંતુ જોધપુરની સભામાં વસુંધરાને ફરી એકવાર સાઈડલાઈન કરાતાં ભાજપમાં રાજકારણ ગરમાયું છે.

# મોરબી ઝૂલતા પુલ દુર્ઘટનામાં ઓરેવા કંપની જવાબદાર : SITના રિપોર્ટમાં ખુલાસો



મોરબી,તા.૧૧
મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના માટે ઓરેવા ગ્રુપ જવાબદાર હોવાનો ખુલાસો થયો હતો. સીટના રિપોર્ટમાં ખુલાસો થયો હતો કે જયસુખ પટેલ અને ઓરેવા કંપનીના મેનેજરો મોરબી પુલ દુર્ઘટના માટે જવાબદાર છે. મોરબી બ્રિજ દૂર્ઘટનાને લઈ જીૈંની ટીમનો અંતિમ તપાસ રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ કરાયો હતો. રિપોર્ટમાં ઓરેવા કંપનીના સ્ઢ,મેનેજર સહિતના લોકો દુર્ઘટના પાછળ જવાબદાર હોવાનો ઉલ્લેખ કર્યો છે. મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના કેસને લઈને જીૈંની ટીમે પાંચ હજાર પેજનો તપાસ રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ કર્યો હતો. અગાઉ આંતરિક તપાસ રિપોર્ટમાં પણ મહત્વના ખુલાસાઓ થયા હતા. ઓરેવા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, મેનેજર સહિતના લોકોની બ્રિજ તૂટવાની ઘટનામાં જવાબદારી હોવાનું રિપોર્ટમાં સામે આવ્યું છે. મોરબી કેબલ બ્રિજ દુર્ઘટના મામલાની તપાસ માટે રાજ્ય સરકારે સીટની રચના કરી હતી. જીૈંની ટીમે ૫૦૦૦ પેજનો તપાસ અહેવાલ કોર્ટમાં રજૂ કર્યો હતો. સીટ રિપોર્ટમાં ઉલ્લેખ કરાયો હતો કે દુર્ઘટના પાછળ સ્ઢ જયસુખ પટેલ, મેનેજર દિનેશ દવે, મેનેજર દિપક પારેખ સહિતના અન્ય લોકો જવાબદાર છે. બ્રિજ પર પ્રતિબંધ અથવા રોકની વ્યવસ્થા નહોતી. બ્રિજ ઓપન કરતા પહેલા ફિટનેસ રિપોર્ટ તૈયાર કરાયો નહોતો. તે સિવાય ટિકિટના વેચાણ પર કોઈપણ પ્રતિબંધ મુકાયો નહોતો. બ્રિજ પર સુરક્ષાના સાધનોનો અભાવ હતો. ઓરેવા કંપનીએ બ્રિજ પર કેટલા લોકોને પ્રવેશ આપવો તેનું ધ્યાન રાખ્યું નહોતું. કૉંગ્રેસ નેતા લલિત કગથરાએ દાવો કર્યો હતો કે સરકાર અધિકારીઓને બચાવી રહી છે. નગરપાલિકાના અધિકારીઓને બચાવવાનો સરકાર પ્રયાસ કરી રહી છે. ચૂંટણીને ધ્યાનમાં રાખી જબરદસ્તીથી બ્રિજ ચાલુ કરાવાયો હતો. જયસુખ પટેલ નિર્દોષ છે. આ પાછળ સરકારી પ્રશાસન જવાબદાર છે. નોંધનીય છે કે મોરબીમાં મચ્છુ નદી પરનો ઝૂલતો પુલ ગયા વર્ષે ૩૦ ઑક્ટોબરે રવિવારની સાંજે તૂટી પડ્યો હતો. મોરબીમાં પુલ તૂટી પડતાં સેંકડો લોકો નદીમાં પડ્યા હતા અને કેટલાયનાં મૃત્યુ થયાં હતાં. સરકારી આંકડા અનુસાર, આ ઘટનામાં કુલ ૧૩૫ લોકોનાં મૃત્યુ થયાં હતાં. આ બ્રિજની જાળવણીનું કામ ઓરેવા ગ્રુપને સોંપવામાં આવ્યું હતું.

## ઈઝરાઈલમાં ચાલી રહેલા યુદ્ધને લઈ સુરત હીરા બજારમાં પડતા પર પાટું જેવી સ્થિતિ



સુરત,તા.૧૧
સુરત હીરા બજારમાં પડતા પર પાટું જેવી સ્થિતિ સર્જાઈ છે. ઈઝરાઈલમાં ચાલી રહેલા યુદ્ધને લઈ હીરા બજાર પર મોટી અસર થઈ છે. સુરતમાં ૧૦ હજાર કરોડનો વેપાર ઠપ થયો છે. ઈઝરાઈલ સાથે ભારત હીરા બજાર સીધું સંકળાયેલ હતું. તેથી સુરત હીરા બજારની સ્થિતિ ગંભીર બની છે. મંદી વચ્ચે શનિવાર અને રવિવારે રજા આપવામાં આવી રહી છે. સામી દિવાળી હીરા બજારની સ્થિતિ હજુ બગડે તેવી શક્યતા દેખાઈ રહી છે. ગુજરાતની અંદર હીરા બજારની સ્થિતિ અત્યંત ખરાબ ચાલી રહી છે તે વચ્ચે હાલમાં ઈઝરાયેલ ની અંદર જે યુદ્ધ શરૂ થયું છે તે યુદ્ધની અસર પણ હવે સુરત હીરા બજાર માર્કેટ ઉપર જોવા મળશે. કારણ કે ૧૦૦૦૦ કરોડનો વેપાર ઈઝરાયેલની અંદર કરવામાં આવતો હતો જે ૧૦૦૦૦ કરોડનો વ્યવહાર ઠપ થતા સામે દિવાળી સમય માર્કેટ ઉપર મોટી અસર જોવા મળશે. એટલે કહી શકાય કે પડતા ઉપર પાટું મારું તેવી સ્થિતિ હાલ હીરા બજારની છે. સુરત શહેરની અંદર સૌથી મોટા બે ઉદ્યોગ આવેલા છે. જેમાં બંને ઉદ્યોગોમાં લાખો કામદારો આ ઉદ્યોગ સાથે સીધા સંકળાયેલા છે. જ્યારે પણ આ બંને માર્કેટ ઉપર કોઈ અસર પડતી હોય છે, તો તેની અસર લાખો કારીગરો પર પણ અને તેમના પરિવાર ઉપર પડતી હોય છે. તેમાંના એક વેપાર એટલે હીરા બજારની વાત કરવામાં આવે તો સુરત હીરા બજારની સ્થિતિ અત્યંત ગંભીર હાલતમાં પસાર થઈ રહ્યો છે. તેવામાં ઈઝરાયેલની અંદર જે યુદ્ધ શરૂ થયું હવે આ યુદ્ધની અસર પણ સુરતના હીરા બજાર ઉપર જોવા મળશે. થોડા મહિના પહેલાં યુક્રેનમાં થયેલા યુદ્ધની અસરમાંથી બહાર નીકળતા વેપારીઓને પરસેવો પડ્યો હતો. ત્યારે ફરી ઈઝરાયેલની અંદર યુદ્ધ શરૂ થતા વેપારીઓ ચિંતામાં મૂકાયા છે. સુરતના વેપારીઓ દ્વારા રશિયન કંપનીને રફીના બે મહિના ન મોકલવા માટે અપીલ કરી હતી. બીજી બાજુ પોલીસ હીરાના ભાવ અત્યંત નીચે આવી જતા માર્કેટની સ્થિતિ ખરાબ ચાલી રહી છે, લોકો પાસે મોટા પ્રમાણમાં હીરાનો સ્ટોક પડી રહેલ છે. જ્યારે ઈઝરાયેલમાં દર વર્ષે ભારત અંદાજિત ૧૦,૦૦૦ કરોડનો હીરાનો વેપાર કરતું આવ્યું છે. ત્યારે અત્યારે જે યુદ્ધ ચાલી રહ્યું છે તો આ ૧૦,૦૦૦ કરોડનો વેપાર ઠપ થતા મોટી કંપનીના વેપારીઓ ચિંતામાં મુકાયા છે. કારણ કે સામી દિવાળીએ એક તો હીરા બજાર મંદીના સમયમાંથી પસાર થઈ રહ્યું છે અને આ સ્થિતિ ઊભી થતા વધુ હાલત કફડી બને તેવું ઈરા વેપારીઓનું માનવું છે.

## શ્રાદ્ધ પક્ષમાં શા માટે શુભ કાર્યો આપણે નથી કરતા ?

પિતૃ દેવતાઓ પ્રત્યે આપણા અંતઃકરણની સાચી શ્રદ્ધા વ્યક્ત કરવાનું શ્રેષ્ઠ કાર્ય એટલે શ્રાદ્ધ. સનાતન ધર્મ અનેક પ્રકારની વિશિષ્ટતાઓ સાથે સંકળાયેલો છે. તેથી જ તે અનેક વિવિધતા સભર ધર્મ ગણાયો છે. સનાતન ધર્મમાં દરેક શુભ કાર્ય શરૂ કરતાં પહેલાં માતા-પિતા અને પિતૃ દેવતાઓને પ્રણામ કરવા એ આપણું પ્રથમ કર્મવ્ય છે. કારણકે આપણા પૂર્વજોની વંશ પરંપરા ના કારણે જ આજે આપણને આ મહામૂલ્ય જીવન મળ્યું છે. આ મહત્વ આપણે સૌથી પહેલા સમજી લેવું જોઈએ.

આપણા ઋષિમુનિઓ આપણને ખૂબ જ સારી વ્યવસ્થાઓ આપી ગયા છે. જીવન જીવવાની ઉત્તમ પદ્ધતિ આપનારા આ ઋષિમુનિઓ હંમેશા જગતના કલ્યાણ માટે કાર્યરત રહ્યા હતા. એ આપણે સૌ જાણીએ છીએ. તેથી જ આપણે તેમનો ઉપકાર ભૂલવો જોઈએ નહીં.

સનાતન ધર્મના આ મહાન ઋષિમુનિઓએ હિંદુ વર્ષમાં બાર માસ અને તેમાં ચોવીસ પક્ષની ગણતરી કરી વર્ષ ભરના દિવસોનું વિભાજન કર્યું છે. જેમાં માસ એટલે ત્રીસ દિવસ અને પક્ષ એટલે પંદર દિવસ એવા ભાગ પાડેલા છે. તેમાંથી પંદર દિવસના એક ભાગને પિતૃ પક્ષ એવું નામ આપેલ છે. જે આપણા પૂર્વજોને સમર્પિત છે. આ પિતૃ પક્ષને મહાલય કે શ્રાદ્ધ પક્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ પિતૃ પક્ષમાં આપણે તર્પણ, પિંડદાન કે શ્રાદ્ધ કર્મ વિધિ વિધાન સાથે સંપન્ન કરીએ છીએ. જેમાં કાગડા, ગાય, શ્વાન, કીડી - મંકોડા અને બ્રાહ્મણ તથા કુટુંબની દીકરી-જમાઈ-દોહિત્ર-દોહિત્રી ને જમાડવાની પણ પરંપરા છે. ધર્મગ્રંથોમાં કહેલું છે કે પિતૃ દેવતાઓની મુક્તિ થાય અને તેમને શાંતિ પ્રાપ્ત થાય તે હેતુસર આપણે આ વિશેષ કર્મકાંડ કરવું જોઈએ. જેને શ્રાદ્ધ એવું નામ આપવામાં આવ્યું છે. શ્રાદ્ધ પક્ષના દિવસોમાં શુભ કાર્યો કે માંગલિક કાર્યો શા માટે વર્જિત છે ? એવો પ્રશ્ન ઘણાને થતો હોય.

આપણી સંસ્કૃતિ અને પરંપરામાં મહાલય, પિતૃ પક્ષ કે શ્રાદ્ધ પક્ષનો સીધો સંબંધ મૃત્યુ પામેલા આપણા પૂર્વજો સાથે છે. તેઓ અન્ય કોઈપણ માસની જે તિથિના મૃત્યુ પામ્યા હોય તે શ્રાદ્ધ પક્ષમાં તે જ તિથિના દિવસે તેમને ઉદેશીને શ્રાદ્ધાદિક ક્રિયાઓ કરવાની પરંપરા છે. માટે જ આ માસમાં શુભ કે નવા કાર્યોનો પ્રારંભ કરવો અશુભ માનવામાં આવે છે.

જ્યારે પણ આપણા કોઈપણ પરિવારજનનું મૃત્યુ થઈ જાય ત્યારે તેમના મૃત્યુના કારણોસર આપણે અમુક નિશ્ચિત અવધી સુધી શોકાતુર થઈ જઈ શોક પાળીએ છીએ. તેમજ એ સમય દરમિયાન શુભ કાર્યો, નિયમિત કાર્યો, માંગલિક કાર્યો કે વ્યવસાયિક કાર્યો કરતા નથી. આ એક પરંપરાગત રીતે ચાલી આવતી પદ્ધતિ છે.

? શ્રાદ્ધ પક્ષ સામાન્ય રીતે સોળ દિવસ સુધી ચાલે છે. તેથી જ સોળ શ્રાદ્ધ એમ કહેવાય છે. આ સમય દરમિયાન આપણા પિતૃઓ આપણાથી જોડાયેલા રહે છે. આવા સમય દરમિયાન સ્વાભાવિક જ છે કે, આપણે શુભ કે માંગલિક કાર્ય કરવાનો આંતરિક ઉત્સાહ પણ ન હોય. માટે જ આપણે આપણા પિતૃ દેવતાઓ પ્રત્યે પુરા માન - સન્માન અને એકાગ્રતા જાળવી રાખી શકીએ તેથી આ દિવસોમાં શુભ કે માંગલિક કાર્યો કરવામાં આવતા નથી.

તેનું અન્ય એક કારણ એ પણ છે કે, આપણા ધાર્મિક ગ્રંથોના મત અનુસાર મનુષ્ય યોનિમાં જન્મ લે તેની સાથે જ તેના પર ત્રણ પ્રકારના ઋણ ચડી જાય છે. આ ત્રણ પ્રકારના ઋણમાં એક પ્રકાર પિતૃ ઋણ નો પણ છે. અઆ ઋણ ઉતારવા માટે શ્રાદ્ધાદિક ક્રિયાઓ કરવી શાસ્ત્રોએ અનિવાર્ય ગણાવી છે.

તેનું કારણ આ દિવસોમાં પિતૃ દેવતાઓ પિતૃ લોક માંથી ભૂલોકમાં આવે છે. આ સોળ દિવસ દરમિયાન પિતૃ લોકમાં જળનો અભાવ હોવાનું શાસ્ત્રોમાં વર્ણન જોવા મળે છે. તેથી આ સમય દરમિયાન તેમના વંશજો દ્વારા જે તર્પણ કરવામાં આવે તેનાથી તેઓ તૃપ્ત થાય છે. તેમજ પિંડદાનથી સંતુષ્ટ થાય છે. આ જે પ્રક્રિયા છે તે તેમના વંશજો પિતૃ દેવતાઓના ઋણ ઉતારવાના ભાગરૂપે કરતા હોય છે. જે વ્યક્તિ ઉપર ઋણ હોય તે ખુશી મનાવતા મનાવતા શુભ કાર્યો કે મંગલ કાર્યો કેવી રીતે કરી શકે ? તેથી જ આ સમય દરમિયાન શુભ કે માંગલિક કાર્યો ન કરવાની ઋષિમુનિઓએ આજ્ઞા આપી છે.

શ્રાદ્ધ - સરિતા
-દેવેન કનકચંદ્ર વ્યાસ

# TRB શું છે? તેમાં માનદ સેવક અને માળખું શું છે? : હાઈકોર્ટના પ્રશ્નનો જવાબ આપવામાં પોલીસ અને સરકારને ફાંફાં પડ્યા



અમદાવાદ, તા.૧૧

અમદાવાદના ઓગણજ પાસે પોલીસે એરપોર્ટથી પરત ફરી રહેલા દંપતી સાથે કરેલા તોડકાંડમાં ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો સંજ્ઞાન લીધું હતું, જેની સુનાવણી ચીફ જજ સુનિતા અગ્રવાલ અને જજ અનિરૂધ્ધ માયીની બેંચ સમક્ષ ચાલી રહી છે. સુનાવણીમાં સરકારી વકીલ દ્વારા શહેરના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ ઉપર ૭૦૦૦ CCTV કેમેરા લગાવાશે એમ જણાવાયું હતું. એ બાદ હાઈકોર્ટે પ્રશ્ન કરતાં કહ્યું હતું કે TRB શું છે? એનું માળખું શું? જેનો જવાબ આપવામાં સરકાર અને પોલીસને ફાંફાં પડ્યાં હતાં તેમજ સરકારે આરોપી પોલીસકર્મીઓ સામે ધરપકડ, ફરિયાદ, રિમાન્ડ, ચાર્જશીટ અને સસ્પેન્ડ કરવાનાં પગલાંની વાત કરી હતી.

ઓગણજ તોડકાંડ કેસમાં એક TRB જવાન પણ સામેલ હતો, જે ઓનરરી સેવા આપતો હતો અને તેને હાંકી કઢાયો હતો. કોર્ટે સરકારી વકીલને TRB એટલે શું? તેના માળખા અને એમાં ઓનરરી સેવા એટલે શું? એમ પૂછ્યું હતું. જેનો જવાબ આપવો સરકારને ભારે પડ્યો હતો. સરકારી વકીલે તાબડતોબ કોર્ટમાં ઉપસ્થિત પોલીસ ઓફિસરને બોલાવીને એ અંગે પ્રશ્ન કર્યો હતો, જેના જવાબમાં થોડા સમય બાદ પોલીસ ઓફિસરે જણાવ્યું હતું કે TRB એટલે ટ્રાફિકબ્રિગેડ. જોકે માનદ સેવક અને એનું માળખું શું છે? એની પોલીસને પણ ખબર નહોતી. જેવી રીતે હોમગાર્ડનું માળખું છે, તેના કમાન્ડર હોય છે. એવા TRBના માળખાની કોઈ ખબર ન હોવાથી આ મુદ્દે આગામી સુનાવણી આવતા શુક્રવારે હાથ ધરાશે.

સરકારી વકીલે કોર્ટની માહિતી આપતાં જણાવ્યું હતું કે રાત્રિ દરમ્યાન એરપોર્ટ અને રેલવે સ્ટેશનથી આવતા લોકોને ચેકિંગ અંગે પોલીસે SOP જાહેર કરી છે, જે મુજબ મહિલા યાત્રી સાથે મહિલા પોલીસ ઓફિસર જ પૂછપરછ કરી શકશે. જો મહિલા પોલીસ ઉપસ્થિત ન હોય તો પોલીસ ગાડીમાં પ્રવેશી શકશે નહીં તેમજ મહિલા યાત્રી સાથે પૂછપરછ પણ કરી શકશે નહીં. ડ્રાઈવરની સીટ પાછળ પોલીસ કંટ્રોલ, મહિલા હેલ્પલાઈન વગેરે નંબર આપેલા હશે. ચેક પોઈન્ટ પાસે CCTV હોય એનું ધ્યાન રખાશે. DYSP આવા ચેકિંગ પોઈન્ટની વિઝિટ કરશે. પોલીસ નાગરિકો સાથે સભ્ય રીતે વર્તન કરશે. અમદાવાદ શહેરમાં એસ.જી હાઈવે, રિવરફ્રન્ટ, આશ્રમ રોડ, એસ.પી.રિંગ રોડ વગેરે પોલીસ પોઈન્ટ ઉપર DYSP ખાસ ચેકિંગ કરશે. પોલીસ ફરજિયાત રીતે યુનિફોર્મ અને નેમપ્લેટ ધારણ કરશે. જે પોઈન્ટ પોલીસ કર્મચારીને સોંપાયો હોય ત્યાંથી તે બીજે જઈ શકશે નહીં. કોઈપણ વ્યક્તિની પોલીસને લગતી હેરાનગતિની ફરિયાદ આવશે તો તરત પગલાં લેવામાં આવશે. રાત્રે શહેરમાં પેટ્રોલિંગ કરવામાં આવશે. પોઈન્ટ ઉપરના પોલીસ કર્મચારીઓનું તારીખ પ્રમાણે રોટેશન કરવામાં આવશે. રાત્રે DYSPને નાઈટ ડ્યૂટી સોંપવામાં આવશે. અમદાવાદ શહેરના સેક્ટર-૧ અને સેક્ટર-૨ની મોનિટરિંગની જવાબદારી આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસની રહેશે.

# આપમાંથી ભાજપમાં ગયેલા કોર્પોરેટરનો મતદારે ઉધડો લીધો, પૂછ્યું ''મારા મતનો સોદો કર્યો તેનો જવાબ આપો''

અમદાવાદ, તા.૧૧

સુરતમાં 'મારી માટી, મારો દેશ' કાર્યક્રમમાં આપમાંથી ભાજપમાં ગયેલા કોર્પોરેટર ઘનશ્યામ મકવાણાની જોવા જેવી થઈ હતી. આપના વોર્ડ પ્રમુખ નિશાંત પાંચાણીએ પલપલ્ટુ ઘનશ્યામ મકવાણાને પૂછ્યું હતું કે, મારા મતનો સોદો કર્યો તેનો જવાબ આપો. ભાજપ દ્વારા 'મારી માટી, મારો દેશ' કાર્યક્રમ અંતર્ગત ઘરે-ઘરે જઈને માટી લેવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમને લઈને શહેરભરમાં ચર્ચા ચાલી હતી. આમ આદમી પાર્ટીના વોર્ડ નં.૪ના કોર્પોરેટર અને આમ આદમી પાર્ટીના વોર્ડ પ્રમુખ સામસામે આવી ગયા હતા. આમ આદમી પાર્ટીના વોર્ડ નં.૪ના કોર્પોરેટર ઘનશ્યામ મકવાણા ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા છે. વોર્ડ નંબર ૪માં જ 'મારી માટી, મારો દેશ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વરાછા રોડના ધારાસભ્ય કુમાર કાનાણી સાથે આમ આદમી પાર્ટીના વોર્ડ નં.૪ના કોર્પોરેટર ઘનશ્યામ મકવાણા ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા છે. વોર્ડ નં.૪માં જ 'મારી માટી, મારો દેશ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વરાછા રોડના ધારાસભ્ય કુમાર કાનાણી સાથે ઘનશ્યામ મકવાણા પણ જોડાયા હતા. નિશાંત પાંચાણીએ જાહેરમાં જ તેમને ખુલ્લા પાડવા માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો. જાહેરમાં જ ઉધડો લેતા આમ આદમી પાર્ટીમાંથી ભાજપમાં ગયેલા કોર્પોરેટર શરમજનક સ્થિતિમાં મૂકાઈ ગયા હતા. વોર્ડ પ્રમુખ નિશાંત પાંચાણીએ પોતાના એક સમયના સાથી ઘનશ્યામ મકવાણા જ્યારે 'મારી માટી, મારો દેશ' કાર્યક્રમ અંતર્ગત ભાજપનો ખેસ પહેરીને તેમના વિસ્તારમાં ફરી રહ્યા હતા ત્યારે સોશિયલ મીડિયા ઉપર લાઈવ કરતા પ્રશ્નો પૂછવાના શરૂ કરી દીધા હતા. તેમણે કહ્યું હતું કે, તમે મારા વોટનો સોદો કેમ કર્યો. ઘનશ્યામ મકવાણાને એકાએક પ્રશ્નો પૂછવાના શરૂ કરી દીધા હતા. એક સમયે તેમની પાર્ટીના કોર્પોરેટર રહી ચૂકેલા ઘનશ્યામ મકવાણાને જાહેરમાં ખુલ્લા પાડવાનો પ્રયાસ કરતા ચર્ચાનો વિષય બન્યો હતો. ઘનશ્યામ મકવાણાએ ઘટનાને સસ્તી પ્રસિદ્ધિ ગણાવી લૂલો બચાવ કર્યો હતો. પાર્ટીના કાર્યક્રમમાં હું સક્રિય રીતે મારા વિસ્તારની અલગ અલગ સોસાયટીમાં જતો હતો ત્યારે તેમણે એકાએક જ મોબાઈલ શરૂ કરીને મને જાહેરમાં પૂછવાનું શરૂ કર્યું હતું. જો કે તેઓ ફક્ત ને ફક્ત પબ્લિસિટી સ્ટંટ કરવા માટે મારી સાથે જાહેરમાં જ અયોગ્ય વ્યવહાર કરવાનું શરૂ કર્યું હતું. મારા વિસ્તારની સામાન્ય પ્રજા જ્યારે મને આવકારી રહી છે ત્યારે આ પ્રકારે આમ આદમી પાર્ટીના જ વોર્ડ પ્રમુખ દ્વારા મારી સાથે જે કરવામાં આવ્યું છે તે માત્રને માત્ર પબ્લિસિટી કરવાનો પ્રયાસ છે.

# રાજ્યની ખાનગી શાળાઓ દ્વારા ફીનું માળખું નોટિસ બોર્ડ ઉપર લગાવવામાં ઉદાસીનતા

અમદાવાદ, તા.૧૧

રાજ્યની અનેક ખાનગી શાળાઓ દ્વારા ફી કમિટી દ્વારા નક્કી કરવામાં આવતી ફીના ઓર્ડર વાલીઓને દેખાય તે રીતે નોટિસ બોર્ડ ઉપર લગાવવામાં આવતા ન હોવાનું જાણવા મળે છે. ફી કમિટી દ્વારા કરવામાં આવતા ફીના ઓર્ડર વાલીઓ જોઈ શકે તે રીતે લગાવવા માટે સૂચના આપી હોવા છતાં સ્કૂલો તેમાં ઉદાસીન જણાય છે. સ્કૂલો વાલીઓને ફીની જાણ ન થતાં તે માટે ઓર્ડર લગાવતી ન હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં આવેલી ખાનગી પ્રાથમિક સ્કૂલો સરકારે નક્કી કરેલા ફીના ધોરણ કરતા વધુ ફી લેવા માંગતી સ્કૂલોએ ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવાની હોય છે અને સરકારના નક્કી ધોરણ જેટલી અથવા તેના કરતા ઓછી ફી લેતી સ્કૂલોએ માત્ર એફિડેવિટ કરવાની હોય છે. દરખાસ્ત અને એફિડેવિટના આધારે ફી કમિટી દ્વારા હિયરિંગ હાથ ધરી સ્કૂલોને ફીના ઓર્ડર ઈશ્યૂ કરવામાં આવતા હોય છે. ફી કમિટી દ્વારા ઓર્ડર ઈશ્યૂ કરવામાં આવ્યા બાદ જે ફી નક્કી કરવામાં આવી હોય તેટલી જ ફી સ્કૂલોએ વાલીઓ પાસેથી ઉઘરાવવાની હોય છે. આ ફી અંગે વાલીઓને જાણ થાય તે માટે સ્કૂલોએ ફીનો ઓર્ડર સ્કૂલોના નોટિસ બોર્ડ ઉપર લગાવવાનો હોય છે, જેથી વાલીઓ ફીનો ઓર્ડર જોઈ સ્કૂલની કેટલી ફી નક્કી થઈ છે તે જાણી શકે અને તે પ્રમાણે ફી ચૂકવી શકે. પરંતુ સ્કૂલો ફી કમિટી દ્વારા આપવામાં આવતા ફીના ઓર્ડર નોટિસ બોર્ડ ઉપર લગાવતી નથી. નોટિસ બોર્ડ ઉપર ફીના ઓર્ડર લગાવવામાં આવ્યા ન હોવાથી સ્કૂલોની કેટલી ફી નક્કી થઈ છે તેની જાણ વાલીઓને થતી નથી અને તેનો લાભ લઈ સ્કૂલો વાલીઓ પાસેથી વધુ ફી ઉઘરાવતી હોવાનું જાણવા મળે છે. જો કે, આ સ્થિતિ તમામ સ્કૂલોમાં જોવા મળતી નથી. રાજ્યની અમુક સ્કૂલો એવી પણ છે કે, તેઓ નિયમ અનુસાર ફી કમિટીના ઓર્ડર નોટિસ બોર્ડ ઉપર લગાડે છે અને પોતાની વેબસાઈટ ઉપર પણ ઓર્ડરની કોપી અપલોડ કરે છે.

# વિદેશના નામે ૧૫ લોકો સાથે ઠગાઈ : વર્ક વિઝાના બદલે પ્રવાસી વિઝા આપી UAE મોકલવામાં આવ્યા

અમદાવાદ, તા.૧૧

અન્ય સાથે થયેલી ઠગાઈની ઘટનાઓ બાદ પણ લોકો લાલચમાં આવી જઈ સોશિયલ મીડિયા મારફતે અથવા એજન્ટ મારફતે વિદેશ જવાની લ્હાયમાં લાખો રૂપિયા ગુમાવી બેસે છે. અત્યાર સુધીમાં આવી અનેક છેતરપિંડીની ઘટનાઓ સામે આવી ચૂકી છે. ત્યારે ફરી આવી ઠગાઈની ઘટના સુરતમાં બની છે. સુરતમાં એજન્ટે વર્ક વિઝાના નામે ૧૫ લોકોને ચૂનો લગાવ્યો છે. જે બાદ આ મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો છે.

સુરતના ઈચ્છાપોર વિસ્તારમાં એજન્ટે ૧૫ લોકોને વર્ક વિઝાના નામે ટુરિસ્ટ વિઝા ઉપર UAE મોકલી દીધા હતા, UAE ગયા બાદ તેઓને ખબર પડી કે તેઓને ફક્ત ફરવા અહીં મોકલવામાં આવ્યા છે. સુરત પરત આવ્યા બાદ પૈસા પાછા માંગતા એજન્ટે ધમકી આપતા ભોગ બનનારાઓએ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી છે.

વર્ક વિઝાના નામે છેતરપિંડીનો ભોગ બનનારાઓએ જણાવ્યું કે, અમે ભારતથી UAE ગયા ત્યારે અમને લેવા માટે એક શખ્સ આવ્યો હતો. જે બાદ તેણે અમને ૧૪ લોકોને એક જ રૂમ આપ્યો હતો. ત્યારબાદ અમને પાણી અને જમવાનું પણ ન મળ્યું. જે બાદ અમને એક કંપનીમાં લઈ જવામાં આવ્યા. જ્યાં પહોંચ્યા પછી અમને ખબર પડી કે અમને તો અહીં ટુરિસ્ટ વિઝા ઉપર મોકલવામાં આવ્યા છે. જ્યાં પહોંચ્યા બાદ કંપનીના અધિકારીઓએ એમને કહ્યું કે, અહીં કામ કરવું હોય તો વર્ક વિઝાની જરૂર પડશે. જે બાદ તેઓએ આના માટે પૈસાની માંગ કરતા અમે મનાઈ કરી દીધી કે અમારી પાસે તો બીજા પૈસા નથી. એજન્ટ સાથે અમારે વર્ક વિઝાની જ વાત થઈ હતી, પરંતુ તેણે અમને ટુરિસ્ટ ઉપર UAE મોકલી દીધા. તેઓએ જણાવ્યું કે, અમારી પાસે પરત આવવાના પણ પૈસા ન હતા, જેથી વતનથી પૈસા મંગાવી પરત સુરત આવ્યા. જે બાદ અમે એજન્ટને મળવા ગયા તો એજન્ટે અમને ધમકી આપી કે 'જે થાય એ કરીલો પૈસા પાછા નહીં મળે'. ત્યારબાદ અમે સીધા ઈચ્છાપોર પોલીસ સ્ટેશન ખાતે ગયા, જ્યાં પોલીસે અમારી સાથે અમે પોતે આરોપી હોય એવું વર્તન કર્યું હતું. એજન્ટ અને ઈચ્છાપોર પોલીસની પણ મીલીભગત હોય તેવું લાગી રહ્યું છે. જે બાદ અમે આ મામલે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ કરી છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા આ મામલે તપાસ કરવામાં આવી રહી છે.

### લોકસભાની ચૂંટણીને લઈ ભાજપ હાઈકમાન્ડ એક્શન મોડમાં !

# રાજ્યના ભાજપના તમામ ધારાસભ્યોનો અને તેમની કામગીરી અંગેનો આઈબી પાસે કરાઈ રહેલો સર્વે

**ત્રણ કેટેગરીમાં કરાશે સર્વે : પ્રથમ વખત જીતેલી બેઠકોનો સર્વે પણ સામેલ**

ગાંધીનગર, તા.૧૧

લોકસભાની ચૂંટણી પહેલા જ ભાજપના ધારાસભ્યોનો સર્વે શરૂ કરવામાં આવ્યો છે. દિલ્હીથી ગુજરાતમાં ભાજપના MLA ઉપર સતત નજર રાખવામાં આવી રહી છે. આ સર્વે IB દ્વારા કરવામાં આવ્યો છે. આ સર્વે કુલ ૩ કેટેગરીમાં ચાલી રહ્યો હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે. ભાજપ દ્વારા પહેલી વાર જે MLA ચૂંટાયા છે તેમની કામગીરીને લઈને સર્વે કરવામાં આવી રહ્યો છે. તેમના વિસ્તારમાં આ ધારાસભ્યો કેવી કામગીરી કરી રહ્યા છે તેની વિગતો પણ જાણવામાં આવી રહી છે. વિધાનસભામાં જે રિપીટ થિયરી લાગુ કરી નવા ચહેરાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે ત્યાં વિધાનસભાની વાસ્તવિક પરિસ્થિતિને લઈને સર્વે કરવામાં આવશે. આ ઉપરાંત જે બેઠક ભાજપ પ્રથમ વાર જીત્યું છે તેવી બેઠકો માટે પણ ખાસ સર્વે કામગીરી હાથ ધરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, IB દ્વારા સર્વે ત્રણ કેટેગરીમાં કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં ભાજપે જીતેલી ૧૫૬ વિધાનસભા બેઠક પૈકી ૧૬થી વધુ બેઠક એવી છે કે, જે ભાજપે પ્રથમ વખત જ જીતી છે. આ બેઠકો પહેલા કોંગ્રેસના ફાળે હતી. જો કે ભાજપના ફાળે આ બેઠકો પ્રથમ વખત જ આવી છે. ત્યારે આ બેઠકોમાં ધારાસભ્યોએ કરેલી કામગીરી પણ જાણવામાં આવશે. આમ તો રાજકારણમાં સર્વેની વાત સામાન્ય જ હોય છે. ચૂંટણી પહેલા ભાજપ સર્વે કરાવતુ રહેતું હોય છે અને IB દ્વારા પણ સર્વે થતો જ હોય છે. જો કે આ વખતે ભાજપ દ્વારા એક તરફ વિપક્ષની ડિપોઝીટ પણ ડુલ કરવાનો દાવો કરવામાં આવ્યો છે. ત્યારે જમીની હકીકત શું છે તે જાણવી ભાજપ માટે જરૂરીર છે. ત્યારે જમીની હકીકત જાણવા માટે આ સર્વે કરવામાં આવી રહ્યો હોવાનું મનાય છે. આ ઉપરાંત વિધાનસભા ચૂંટણીમાં જે પર્ફોમન્સ નબળુ રહ્યુ હતું, તેને મજબૂત કરવા માટેના પણ પ્રયાસ કરવામાં આવશે. વિકાસ કામો કરવા સાથે તેને પ્રજા સુધી પહોંચાડવામાં આવશે. બીજી તરફ વાયબ્રન્ટ સમિટ બાદ શક્યતા છે કે મંત્રીમંડળમાં નવા ચહેરાઓને સમાવી તેનું વિસ્તરણ આવી શકે છે. જેને લઈને આગામી સમયમાં મંત્રી મંડળનું વિસ્તરણ કરવાની શકયતા છે.

# આત્યંતિક હવામાન ઘટનાઓએ ૨૦૧૬ અને ૨૦૨૧ની વચ્ચે ૪.૩ કરોડ બાળકોને વિસ્થાપિત કર્યા

નવી દિલ્હી, તા.૧૧

યુએનના અહેવાલ મુજબ આબોહવાની કટોકટી સાથે સંકળાયેલ પૂર, દુષ્કાળ, તોફાન અને જંગલની આગ જેવી આત્યંતિક હવામાન ઘટનાઓ ૨૦૧૬ અને ૨૦૨૧ની વચ્ચે બાળકો સહિત ૪૩ મિલિયનથી વધુ લોકોના વિસ્થાપન તરફ દોરી ગયા. યુનિસેફ દ્વારા જારી કરાયેલા અહેવાલમાં જણાવાયું છે કે, હવામાન પરિવર્તનના વર્તમાન દરે આગામી ૩૦ વર્ષમાં માત્ર હવામાન સંબંધિત આફતોને કારણે ૧૦૦ મિલિયનથી વધુ બાળકો અને યુવાનો વિસ્થાપિત થઈ શકે છે. યુનિસેફના સ્થળાંતર નિષ્ણાત અને અહેવાલના લેખકોમાંના એક લૌરા હીલીએ જણાવ્યું કે, વાસ્તવિકતા એ છે કે, આબોહવા પરિવર્તનની અસર વધુ તીવ્ર બની રહી હોવાથી ભવિષ્યમાં વધુ બાળકો ઉપર અસર થવાની છે. આબોહવા આપત્તિઓના કારણે આંતરિક વિસ્થાપનની સંખ્યા સામાન્ય રીતે પીડિતોની ઉંમર માટે જવાબદાર નથી. પરંતુ યુએન ચિલ્ડ્રન્સ એજન્સીએ બિન-સરકારી આંતરિક વિસ્થાપન મોનિટરિંગ સેન્ટર સાથે ડેટાની તપાસ કરવા અને બાળકો ઉપર છૂપાયેલા આંકડાને પ્રકાશિત કરવા માટે કામ કર્યું. અહેવાલ મુજબ ૨૦૧૬થી ૨૦૨૧ સુધી ચાર પ્રકારની આબોહવા આપત્તિઓ જેવી કે પૂર, તોફાન, દુષ્કાળ અને જંગલની આગને કારણે ૪૪ દેશોમાં ૪૩.૧ મિલિયન બાળકો વિસ્થાપિત થયા છે. ગ્લોબલ વોર્મિંગને કારણે આ આપત્તિઓની આવૃત્તિ વધી છે વિસ્થાપન પૈકી, ૯૫ ટકા (૪૦.૯ મિલિયન) પૂર અને તોફાનોને કારણે થયા હતા. જ્યારે ૧.૩ મિલિયનથી વધુ બાળકો દુષ્કાળને કારણે તેમના દેશોમાં વિસ્થાપિત થયા હતા ત્યારે લગભગ ૮,૧૦,૦૦૦ બાળકો જંગલની આગને કારણે મુખ્યત્વે કેનેડા, ઈઝરાયેલ અને યુનાઈટેડ સ્ટેટ્સમાં વિસ્થાપિત થયા હતા અહેવાલ દર્શાવે છે. અહેવાલમાં જણાવાયું છે કે, ચીન અને ફિલિપાઈન્સ એવા દેશોમાં સામેલ હતા જ્યાં સૌથી વધુ બાળકો આંતરિક રીતે વિસ્થાપિત થયા હતા. યુનિસેફના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર કેથરિન રસેલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જેમને ભાગી જવાની ફરજ પડી છે તેઓ ભય અને અસર ખાસ કરીને તે લોકો માટે વિનાશક હોઈ શકે છે એ ચિંતા સાથે કે તેઓ ઘરે પાછા આવશે કે કેમ. કોઈપણ બાળક માટે જ્યારે ભયંકર જંગલની આગ, તોફાન અથવા તેમના સમુદાયમાં પૂર આવે છે ત્યારે તે ભયાનક હોય છે. રસેલે બાળકો માટે વધતા જતા પડકારનો સામનો કરવા માટે ખૂબ ધીમી ગતિએ કાર્ય કરવા અંગે ચિંતા વ્યક્ત કરી સમુદાયોને તૈયાર કરવા, વિસ્થાપનના જોખમમાં રહેલા બાળકોનું રક્ષણ કરવા અને પહેલાથી જ ઉખડી ગયેલા લોકોને ટેકો આપવાના પ્રયત્નોને મજબૂત કરવાની જરૂર છે તેણીએ ધ્યાન દોર્યું.

# ઈઝરાયેલ ઉપર હમાસના હુમલા બાદ લંડનમાં ઉજવણી, પોલીસે પેટ્રોલિંગ વધાર્યું

લંડન, તા.૧૧

યુકેના ગૃહ કાર્યાલયના મંત્રી રોબર્ટ જેનરિકે જણાવ્યું કે આ ઘૃણાસ્પદ લોકો હમાસના પ્રતિકાર જૂથની પ્રવૃત્તિઓને મહિમા આપી રહ્યા છે. સ્કોટલેન્ડ યાર્ડે જણાવ્યું હતું કે ઈઝરાયેલમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે સોશિયલ મીડિયા ઉપર શેર કરાયેલા સંદેશાઓ અને છબીઓ સહિતની સંખ્યાબંધ ઘટનાઓ નોંધાયા બાદ તેણે સમગ્ર લંડનમાં પેટ્રોલિંગ વધારી દીધું છે. યુકેના ગૃહ કાર્યાલયના પ્રધાન રોબર્ટ જેનરીકે હમાસના પ્રતિકાર જૂથની પ્રવૃત્તિઓની મહિમા કરતા લોકો નિંદા કરી હતી જ્યારે લંડનના મેયર સાદિક ખાને ચેતવણી આપી હતી કે નફરતના ગુનાઓ સહન કરવામાં આવશે નહીં. મેટ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમે ઈઝરાયેલમાં ચાલી રહેલા સંઘર્ષ અને ગાઝાની સરહદના સંબંધમાં સોશિયલ મીડિયા ઉપર શેર કરાયેલી ઘટનાઓ સહિતની સંખ્યાબંધ ઘટનાઓથી વાકેફ છીએ મેટ એ અમારા સમુદાયોને દશ્યમાન હાજરી અને આશ્વાસન આપવા માટે સમગ્ર લંડનના ભાગોમાં પોલીસિંગ પેટ્રોલિંગમાં વધારો કર્યો છે. અમે કોઈપણ ચેતવણી સાંભળવા માટે ભાગીદારો અને સમુદાયના નેતાઓ સાથે સંપર્કમાં રહીએ છીએ તે જણાવ્યું હતું. અમે જાણીએ છીએ કે ચાલુ સંઘર્ષ આગામી દિવસોમાં વિરોધ તરફ દોરી શકે છે. અમે લંડનવાસીઓને કોઈપણ વિક્ષેપ સામે વિરોધ કરવાના અધિકારને સંતુલિત કરવા માટે એક યોગ્ય પોલીસિંગ યોજના લાગુ થાય તે સુનિશ્ચિત કરીશું નિવેદનમાં ઉમેર્યું. યુકેના હોમ ઓફિસ મિનિસ્ટર રોબર્ટ જેનરિકે જણાવ્યું હતું કે આ ઘૃણાસ્પદ લોકો પ્રતિબંધિત સંગઠન હમાસની પ્રતિકાર જૂથની પ્રવૃત્તિઓના વખાણ કરી રહ્યા છે. યુકેમાં આ માટે કોઈ સ્થાન નથી. મને વિશ્વાસ છે કે મેટ પોલીસ આને ગંભીરતાથી લેશે. લંડનના મેયરે પાછળથી ટ્વીટ કર્યું કે તેઓ સલામતીની ચિંતાઓને લઈને મેટના વરિષ્ઠ અધિકારીઓના સંપર્કમાં હતા. દુઃખદ રીતે અમે જાણીએ છીએ કે મધ્ય પૂર્વમાં હિંસા લંડનમાં ધિક્કાર અપરાધમાં વધારો તરફ દોરી શકે છે હું મેટના વરિષ્ઠ નેતૃત્વ અને અમારા શહેરભરના સમુદાયો સાથે ગાઢ સંપર્કમાં છું. લંડનવાસીઓ વધારાની પોલીસ હાજરી જોશે. લંડનમાં દ્વેષપૂર્ણ અપરાધ સહન કરવામાં આવશે નહીં તેમણે સ્પષ્ટતા કરી.

# ચંદ્રયાન ૩ : 'વિક્રમ લેન્ડર, પ્રજ્ઞાન રોવર હવે સક્રિય થવાની આશા નથી' : ઈસરોના પૂર્વ અધ્યક્ષ



નવી દિલ્હી તા.૧૧

ભારત ૨૩ ઓગસ્ટના રોજ ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક યાન ઉતારનાર પ્રથમ દેશ બની ગયો હતો અને ઈતિહાસ રચ્યો હતો. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) દ્વારા ચંદ્રયાન ૩ મિશનના સૌર-સંચાલિત વિક્રમ લેન્ડર અને પ્રજ્ઞાન રોવર સાથે સંચાર સ્થાપિત કરવાના પ્રયાસો પછી, ISROના પૂર્વ અધ્યક્ષ એએસ કિરણે શુક્રવારે ભારતના ત્રીજા ચંદ્ર મિશનના સંભવિત અંતનો સંકેત આપ્યો હતો. પૂર્વ અધ્યક્ષે સમાચાર એજન્સી પીટીઆઈને જણાવ્યું હતું કે, સૌર-સંચાલિત વિક્રમ લેન્ડર અને પ્રજ્ઞાન રોવરની પુર્નઃ જીવિત થવાની હવે કોઈ આશા નથી. તે અત્યાર સુધીમાં થઈ જવું જોઈએ. ચંદ્રયાન ૩ મિશન સાથે સક્રિય રીતે સંકળાયેલા સૌર-સંચાલિત વિક્રમ લેન્ડર અને પ્રજ્ઞાન રોવરના સક્રિય થવાની હવે કોઈ તક નથી. ચંદ્રની સપાટી પર ઉતર્યાના એક મહિના પછી, ભારતીય અવકાશ એજન્સીએ ૨૨ સપ્ટેમ્બરના રોજ ચંદ્રયાન ૩ના લેન્ડર અને રોવર સાથે સંચાર સ્થાપિત કરવાના પ્રયાસો શરૂ કર્યા હતા. જો કે, તેમના તરફથી હજુ સુધી કોઈ સંકેતો મળ્યા નથી. ISROના પૂર્વ અધ્યક્ષે જણાવ્યું હતું કે ચંદ્રયાન ૩ની સફળતા જ્ઞાનના સંદર્ભમાં અને તે ક્ષેત્રમાં જે પ્રવૃત્તિઓ કરવાની જરૂર છે તેના આયોજનના સંદર્ભમાં અનુગામી મિશન બંનેને લાભ થશે. કિરણકુમારના જણાવ્યા મુજબ, ISRO દ્વારા ચંદ્ર ઉપર સેમ્પલ-રીટર્ન મિશન હાથ ધરવાની સંભાવના છે, જો કે, આવા સાહસ માટે કોઈ સમયમર્યાદા આપી નથી. ભવિષ્યમાં, આમાંની ઘણી વસ્તુઓ કામ આવશે. યોજનાઓ બનાવવામાં આવશે અને પછી ટેક્નોલોજી વિકાસના એકંદર વિઝનના આધારે દરખાસ્તો મૂકવામાં આવશે. આ સમગ્ર આયોજન કેવી રીતે થાય છે અને કેટલા સંસાધનો ઉપલબ્ધ કરાવવામાં આવે છે તેના ઉપર નિર્ભર છે, તેથી સેમ્પલ-રિટર્ન મિશન માટેની સમયમર્યાદા અંગે કહેવું ખૂબ જ મુશ્કેલ છે. ભારત ૨૩ ઓગસ્ટના રોજ ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક યાન ઉતારનાર પ્રથમ દેશ બની ગયો હતો અને ઈતિહાસ રચ્યો હતો અને યુ.એસ. પૂર્વ સોવિયેત યુનિયન અને ચીન પછી ચંદ્રની સપાટી ઉપર સોફ્ટ-લેન્ડિંગ કરનાર વિશ્વનો ચોથો દેશ બન્યો હતો.

# અમેરિકા 'મજબૂતીથી ઈઝરાયેલ સાથે ઊભું છે' : વ્હાઈટ હાઉસ

નવી દિલ્હી, તા.૧૧

વ્હાઈટ હાઉસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, યુનાઈટેડ સ્ટેટ્સે ઈઝરાયેલ ઉપર હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલાની નિંદા કરી છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાન ઓપરેશન પર ઈઝરાયેલના ભાગીદારો સાથે નજીકના સંપર્કમાં હતા તેમ જણાવાયું હતું. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ''યુનાઈટેડ સ્ટેટ્સ સ્પષ્ટપણે હમાસ દ્વારા ઈઝરાયેલના નાગરિકો ઉપરના બિન ઉશ્કેરણીજનક હુમલાઓની નિંદા કરે છે.'' નિવેદનમાં કહેવાયું, ''અમે ઈઝરાયેલની સરકાર અને લોકો સાથે મજબૂતપણે ઊભા છીએ અને આ હુમલાઓમાં ઈઝરાયેલના લોકોના પીડિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીએ છીએ.'' પેન્ટાગોને ઈઝરાયલના પોતાનો બચાવ કરવાના અધિકાર પ્રત્યેની યુનાઈટેડ સ્ટેટ્સની ''અતૂટ'' પ્રતિબદ્ધતાની પુર્નઃપુષ્ટિ કરી અને મુખ્ય યુએસ સાથી પાસે આવું કરવા માટેનું સાધન છે તેની ખાતરી કરવાની પ્રતિજ્ઞા લીધી. અમેરિકી સંરક્ષણ સચિવ લોયડ ઓસ્ટીને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''પોતાના બચાવના ઈઝરાયેલના અધિકાર પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અડીખમ છે.

# જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ સોરઠ ઈન્ટરનેશનલ સ્કુલમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું








જૂનાગઢ તા. ૧૧

વંથલી રોડ ઉપર આવેલ જૂનાગઢની જાણીતી શૈક્ષણિક સંસ્થા સોરઠ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે તા.૧૦-૧૦-૨૩ના રોજ જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા વિદ્યાર્થીઓને અમૂલ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ વિદ્યાર્થીઓને મહાપુરૂષના જીવનમાંથી પ્રેરણા મેળવી લેવા ઉંચો ધ્યેય રાખવો, નકારાત્મક બાબતોથી દુર રહેવું, વ્યસનોથી દુર રહેવું વગેરે સલાહ આપી હતી. વિદ્યાર્થીઓને અત્યારથી આયોજન કરીને તે માટે સખ્ત મહેનત કરવી અને નિષ્ફળતાથી ગભરાયા વગર સતત પ્રયત્ન ચાલુ રાખવાની સલાહ આપી હતી.

આજના યુગમાં સોશ્યલ મિડીયાનો દુરૂપયોગ કરવાને બદલે મર્યાદિત રીતે સદ્‌ઉપયોગ કરવો અને સાઈબર વર્લ્ડની લોભામણી દુનિયામાં ન ફસાવવાની સલાહ આપી હતી. આ તકે એસઓજી બ્રાન્ચના પીઆઈ એ.એમ. ગોહીલ, પીએસઆઈ કોડીયાતર, વંથલીના પીએસઆઈ યશપાલસિંહ રાણા તથા પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહયા હતા. સ્કુલના ટ્રસ્ટી શ્રી ડઢાણીયા સર, કે.ટી. સર, વસોયા સર તથા હરીભાઈ પરમારે માર્ગદર્શન આપવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

# બિલખામાં થયેલ પુર-હોનારતના પિડીતોને આજ સુધી કોઈપણ સરકારી સહાય ન મળતા રોષ

બિલખા તા. ૧૧

બિલખામાં ગત જુલાઈ માસમાં ૨૨ મી તારીખે ભયંકર પુર હોનારતની સ્થિતી સર્જાઈ હતી. જેમાં નીચાણવાળા વિસ્તારના લોકોની તમામ ઘરવખરી તણાઈ ગયેલ અને ઘણા ગરીબ લોકોના મકાન પડી ગયા હતા. જેને લઈને પંચાયત અને તંત્ર દ્વારા તાત્કાલીક સર્વે કરવાના નાટક કરવામાં આવ્યા હતા અને આ બરબાદ થઈ ગયેલ પુર પિડીતના પરિવાર પાસે તમામ ડોકયુમેન્ટસની ઝેરોક્ષ અને ઘરના ફોટા આપવાના ખર્ચા કરાવ્યા હતા. પુર પિડીતોએ પંચાયત અને સરકાર પાસેથી કાંઈક સહાય મળશે એવી આશાએ હોંશે-હોંશે ખર્ચ કરીને બધા કામ પડતા મુકીને પંચાયતના ધકકા ખાધા હતા. એથી પણ વિશેષ આ પુર પિડીતોને પડયા ઉપર પાટા સમાન કામગીરી બિલખા પંચાયતે કરી હતી કે જો તમારે સહાય જોઈતી હોય તો પહેલા વેરા ભરવા પડશે, એવો ફતવો બહાર પાડી નિઃસહાય પુરપિડીતો પાસેથી વેરા વસુલીને મોટું પાપ કર્યુ છે. સવાલ એ છે કે, તાયફા કરવા કરતા આ નિષ્ઠુર સરકાર પાસે પૈસા છે તો શું આ ગરીબોને સહાય કરવા માટે પૈસા નહીં હોય? જે હોય તે પરંતુ આજ સુધી આ પુર પિડીતોને એક ફદીયાની સહાય પણ આ નિંભર તંત્ર દ્વારા મળેલ ન હોય લોકોમાં રોષની લાગણી જોવા મળે છે. આ પુર પિડીતોને વહેલી તકે તંત્ર દ્વારા સહાય ચુકવવામાં આવે એવી લોકમાંગણી પ્રબળ બની છે.

# દ્વારકામાં ગમે ત્યારે કોરીડોર પ્રોજેકટનું શુભ મુહૂર્ત કરાશે

## જગત મંદિર આસપાસ પુરાતત્વ ખાતાનો ત્રિદિવસીય સર્વે પૂર્ણ થતા મોટી ઘોષણાની સંભાવના

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૧

યાત્રાધામ દ્વારકામાં જગત મંદિરનો વિસ્તાર નવી ભવ્યતા આપવા માટે કોરીડોર પ્રોજેકટ હાથ ધરવામાં આવનાર છે. આ પ્રોજેકટ અંતર્ગત જગત મંદિર આસપાસનાં વિસ્તારની ગીચતા ઓછી કરવા આસપાસની અમુક ઈમારતો તથા કથિત દબાણો દૂર કરવાની કાર્યવાહી કરવાની તજવીજ થઈ રહી છે.

સૂત્રોનાં જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં કોરીડોર પ્રોજેકટનાં અમલીકરણ માટે મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ અંગે અધિકૃત ઘોષણા અંગે અટકળો થઈ રહી છે. કોરીડોર પ્રોજેકટ અંતર્ગત પુરાતત્વ તંત્રનાં અધિકારીઓ અને સંબંધિત વિભાગો દ્વારા ત્રણ દિવસથી માપણી અને સર્વેની કામગીરી પૂર્ણ કરી દરખાસ્તો રજૂ કરી દેવામાં આવી હોવાનો અહેવાલ છે. જેને પગલે ટૂંક સમયમાં જ આ પ્રોજેકટનું




પ્રારંભિક અમલીકરણ થશે તેવી શક્યતા સેવાઈ રહી છે.

કોરિડોર પ્રોજેકટ અંતર્ગત સંબંધિત તંત્ર દ્વારા કરાયેલા સર્વે બાદ પ્રથમ તબ્બકામાં મંદિર આસપાસ ૫૦ મીટરના બાંધકામો દુર કરવામાં આવશે અને સમગ્ર કામગીરી પુરાતત્વ વિભાગ હસ્તક કેન્દ્ર સરકાર દ્વારા કરવાની હોવાનું વિશ્વાસુ સૂત્રો માંથી જાણવા મળેલ છે.

જગત મંદિર આસપાસ થયેલ ગેરકાયદેસર દબાણોને લઈને બહારથી આવતા યાત્રિકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય અનેક ફરીયાદો બાદ પણ સ્થાનિક તંત્ર દ્વારા કોય કાર્યવાહી થયેલ ન હોય, આવનારા દિવસોમાં કોરિડોર પ્રોજેકટથી બહારથી આવતા યાત્રિકોને પડતી હાલાકીનો પણ અંત આવશે

# માણાવદર-વંથલી હાઈવે ઉપર ગાંડા બાવળથી વાહન ચાલકો પરેશાન



માણાવદર તા. ૧૧

માણાવદરથી વંથલી હાઈવે ઉપર એક બાજુ બિસ્માર રસ્તો છે જેનાથી હાઈવે ઉપરથી પસાર થતા વાહનો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. આ રસ્તો નવો બનતો નથી અને થીગડા મારીને વર્ષોથી ચલાવવામાં આવી રહયું છે. ત્યારે રોડની બંને સાઈડમાં ગાંડા બાવળનું સામ્રાજય છવાઈ ગયું છે. હાલમાં ચોમાસું સારૂં થતા રોડની બંને સાઈડમાં ગાંડા બાવળની ડાળીઓનો ફેલાવો વધી ગયેલ હોય જેથી રોડ સાંકડો થઈ જતા આ હાઈવે ઉપરથી પસાર થતા વાહનોને રોડની વચ્ચે વાહન ચલાવવું પડે છે. જેથી સામ સામે પસાર થવામાં પણ વાહનોને તકલીફ પડે છે. જેથી આ ગાંડા બાવળના ઝાડને તાત્કાલીક દુર કરી ફોરટ્રેક રસ્તો બનાવવામાં આવે તેવી લોકમાંગણી ઉઠવા પામી છે.

# લીગલ કમ પ્રોબેશન ઓફીસર પીએચડી થયા



જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢ જીલ્લાના જીલ્લા બાળ સુરક્ષા એકમના લીગલ કમ પ્રોબેશન ઓફીસર ડો.કિરણબેન પી. રામાણીએ કાયદાના ઓફીસર (લીગલ એડવાઈઝર) ડો.ડી.જી.મોદી અને ડો.એ.બી. રાવલના માર્ગદર્શન હેઠળ ‘અપરાધ અને બાળ માનસ જુવેનાઈલ જસ્ટીસ એકટ ગુજરાત રાજયના સંદર્ભમાં સંશોધન સમસ્યા’ના વિષય ઉપર મહાશોધ નિબંધ રજુ કર્તા સી.યુ. શાહ યુનિવર્સીટી, સુરેન્દ્રનગર વઢવાણ તરફથી પીએચડીની પદવી એનાયત કરવામાં આવી હતી. આ સિધ્ધીને ડો.ડી.જી. મોદી, સમાજ સુરક્ષા અધિકારી એચ.એમ. રામાણી અને પ્રોબેશન ઓફીસર એન.એમ. પુરોહીત, ડીસીપીઓ, આર.સી. મહીડા અને સ્ટાફ સહિતનાએ અભિનંદન પાઠવ્યા હતા.

# મહિલા પોતાના જ દૂધમાંથી બનાવે છે સાબુ અને લોશન

નવી દિલ્હી, તા.૧૧

જન્મ પછીના પ્રથમ થોડા મહિનાઓ માટે માતાનું દૂધ બાળકો માટે શ્રેષ્ઠ ખોરાક માનવામાં આવે છે. માતાના દૂધમાં ઘણા પોષક તત્વો હોય છે, જે બાળકને ઘણી બીમારીઓથી બચાવવામાં મદદ કરે છે. હેલ્થ એક્સપર્ટના મતે, બાળકોને જન્મ પછી ઓછામાં ઓછા પ્રથમ છ મહિના સુધી દૂધ પીવડાવવું જોઈએ. આ કુદરતી છે અને બાળકોને ખોરાક આપવાની સૌથી સામાન્ય રીતોમાંની એક છે. બાળકના જન્મ પછી, સ્ત્રીનું શરીર તે બાળક માટે દૂધ ઉત્પન્ન કરે છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે માતાના દૂધમાંથી સાબુ અને લોશન પણ બની શકે છે? તાજેતરમાં જ એવું જાણવા મળ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્‌સમાં એક મહિલા સાબુ અને બોડી લોશન



જેવી બ્યુટી પ્રોડક્ટ્‌સ બનાવવા માટે માતાના દૂધનો ઉપયોગ કરી રહી છે. રિપોર્ટ્‌સ અનુસાર, બ્રિટની એંડ્રી નામની મહિલા તેના બ્રેસ્ટ મિલ્કનો ઉપયોગ કરીને સ્કિન કેર પ્રોડક્ટ્‌સ બનાવવાને કારણે ચર્ચામાં રહી છે. તેણીએ તેનો ઉપયોગ કરીને સાબુ, લોશન, ક્રીમ અને અન્ય ઘણા ઉત્પાદનો બનાવ્યા હોવાના અહેવાલ છે. બ્રિટની એંડ્રી દાવો કરે છે કે માતાનું દૂધ ખૂબ જ ફાયદાકારક છે કારણ કે તે કરચલીઓથી છુટકારો મેળવવામાં મદદ કરે છે, ચહેરાને ચમક આપે છે અને ત્વચાને યુવાન બનાવી રાખે છે. તેને ઈજા થયેલી જગ્યા પર પણ લગાવી શકાય છે. કારણકે, તે એન્ટીઓક્સિડેન્ટના રુપમાં કામ કરે છે. બ્રિટનીએ પોતાનો ખુદનો બિઝનેસ સ્થાપિત કર્યો છે અને તે સોશિયલ મીડિયા પર પણ ઘણી લોકપ્રિય થઈ ગઈ છે. તાજેતરમાં એક મીડિયા પોર્ટલ સાથેના ઈન્ટરવ્યુ દરમિયાન, બ્રિટની એંડ્રીએ ખુલાસો કર્યો કે, તેણીને આ ઉત્પાદનો બનાવવા માટે તેના બ્રેસ્ટ મિલ્કનો ઉપયોગ કરવાનો વિચાર કેવી રીતે આવ્યો. તેણીએ જણાવ્યું કે એકવાર જ્યારે તેણે બ્રેસ્ટ મિલ્કને ફ્રીજમાં રાખ્યું હતું ત્યારે તેના પતિ ફ્રીજ ચાલુ કરવાનું ભૂલી ગયા હતા. બાદમાં તેને ખબર પડી કે દૂધ બગડી ગયું છે. તેનો બગાડ ન થાય તે માટે તેણે વિચાર્યું કે શા માટે તેનો ઉપયોગ સ્કિન કેર પ્રોડક્ટ તરીકે ન કરીએ. તેણીએ પછી સાબુ બનાવવાનું શરૂ કર્યું, જે વૃદ્ધત્વના સ્ટ્રેચ માર્ક્સ અને ડ્રાય સ્કિનને મટાડવામાં મદદ કરે છે. બ્રિટની અનુસાર, માતાના દૂધમાં ઘણા તત્વો હોય છે જે ત્વચાને મોઈશ્ચરાઈઝ કરે છે. તેમાં લૌરિક એસિડ પણ હોય છે, જે એન્ટીબેકટેરિયલ ગુણધર્મો ધરાવે છે અને ત્વચાને ઠંડુ કરવામાં મદદ કરી શકે છે. પોતાતની રેસીપીમાં સુધારો કર્યા પછી, તેણે મમાઝ મેજિક મિલ્ક નામનો પોતાનો બિઝનેસ શરુ કર્યો. તેના એક સાબુની કિંમત ૩૦ ડૉલર (૨૪૯૩ રુપિયા) છે. ક્રીમ અને લોશનની કિંમત ૧૫ ડૉલર (૧,૨૪૬ રુપિયા) છે. ક્રીમ અને લોશનની કિંમત ૧૫ ડૉલર (૧,૨૪૬ રુપિયા) છે. તે ખૂબ જ લોકપ્રિય થઈ ગઈ છે અને તેને ઘણાં બધાં એવોર્ડ્‌સ પણ મળ્યાં છે.

# ભારત-કેનેડા વચ્ચે સંબંધો બગાડવા, નિજ્જરની હત્યામાં ચીનનો હાથ : ચીની બ્લૉગરનો દાવો

કેનેડા, તા.૧૧

કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા પાછળ અને ભારત-કેનેડા સંબંધોને બગાડવાનું કાવતરું ઘડવા પાછળ હવે ચીનનો હાથ હોવાનું સામે આવ્યું છે. ચીનની એક સ્વતંત્ર બ્લોગરે આ વાતનો પર્દાફાશ કર્યો છે. આતંકવાદી નિજ્જરના મોત પાછળ ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીનો હાથ છે. સ્વતંત્ર બ્લોગર જેનિફર ઝેંગે દાવો કરે છે કે આ ક્રિયાઓ ઝઝઁની મોટી “ઈગ્નીશન યોજના” નો ભાગ છે, જેનો હેતુ તાઈવાન અંગે રાષ્ટ્રપતિ શી જિનપિંગની લશ્કરી વ્યૂહરચનાથી વિશ્વને વિક્ષેપિત કરવાનો છે. ચાઈનીઝ બ્લોગર હાલમાં અમેરિકામાં રહે છે. તેણે નિજ્જરની હત્યાને હત્યા ગણાવી અને દાવો કર્યો કે આ ઘટના અંગે ચોંકાવનારા



ખુલાસા થયા છે. ખરેખર, ઝેંગના સાથી પત્રકારોમાંથી એક લાઓ ડેંગ છે, જે કેનેડામાં રહે છે. તેની સાથે વાત કરતી વખતે ડેંગે ઝેંગને જાણ કરી કે ચીને ખરેખર નિજ્જરની હત્યા કરાવી છે.

ઝેંગના જણાવ્યા મુજબ, લાઓ ડેંગે ખુલાસો કર્યો હતો કે સીસીપીના સંરક્ષણ મંત્રાલયના ઉચ્ચ અધિકારીને સીસીપીના “ઈગ્નીશન પ્લાન”ના ભાગરૂપે જૂનની શરૂઆતમાં સિએટલ, યુએસએ મોકલવામાં આવ્યા હતા. તેણીએ વધુમાં દાવો કર્યો હતો કે ભારત અને પશ્ચિમ વચ્ચેના સંબંધોને બગાડવાના ઉદ્દેશ્યથી ત્યાં ગુપ્ત બેઠક યોજવામાં આવી હતી. ઝેંગ દાવો કરે છે કે સીસીપી એજન્ટોને હરદીપ સિંહ નિજ્જરની હત્યા કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું અને તેમણે હત્યાની યોજનાને સફળતાપૂર્વક પાર પાડી હતી. એજન્ટોએ નિજ્જરને ટ્રેક કરવા માટે સાયલન્સ્ડ બંદૂકોનો ઉપયોગ કર્યો અને કોઈપણ પુરાવા ભૂંસી નાખવા માટે તેની કારના ડેશબોર્ડ કેમેરાનો નાશ કર્યો. ગુનો કર્યા પછી, તેઓ ઘટનાસ્થળેથી ભાગી ગયા, તેમના હથિયારો અને કપડાં સળગાવી દીધા અને બીજા દિવસે કેનેડા ભાગી ગયા. ચીનમાં જન્મેલા પત્રકાર અને બ્લોગર ઝેંગનો દાવો છે કે હત્યારાઓએ ભારતને વધુ ફસાવવા માટે જાણીજોઈને ભારતીય ઉચ્ચાર સાથે અંગ્રેજી શીખ્યા હતા. તેમનું કહેવું છે કે આ ક્રિયાઓ CCPના ગુપ્ત એજન્ટો દ્વારા ઘડવામાં આવેલી મોટી યોજનાનો એક ભાગ હતો. ઝેંગના જણાવ્યા મુજબ, લાઓ ડેંગે ખુલાસો કર્યો કે CCPનો “ઈગ્નીશન પ્લાન” આ વર્ષે બે CCP સત્રો પછી તૈયાર કરવામાં આવ્યો હતો, જેને ચીને આગળ વધારવાના પ્રયાસમાં તૈયાર કર્યો હતો.

## ભારત અને ઈઝરાયેલ વચ્ચે રૂ. ૬ લાખ કરોડનો વેપાર વધુ થઈ ગયો

# પોર્ટ અને શિપિંગ સહિત અનેક ક્ષેત્રોમાં ભારત અને ઈઝરાયેલનો વ્યાપાર ઘણી રીતે મહત્વપૂર્ણ

ઈઝરાયલ,તા.૧૧

ઈઝરાયેલ હમાસ વચ્ચે યુદ્ધની સ્થિતી છે, ઈઝરાયેલ દ્વારા હમાસ પર બોમ્બમારો ચાલુ છે. ઈઝરાયલી સેનાના એક અધિકારીના જણાવ્યા અનુસાર ગાઝા અને દક્ષિણ ઈઝરાયેલમાં હમાસ સાથે ચાલી રહેલા યુદ્ધમાં સેંકડો આતંકવાદીઓ માર્યા ગયા છે તથા ઘણા લોકોને બંધક બનાવવામાં આવ્યા છે.ઈઝરાયેલ દક્ષિણ ભાગમાં આતંકવાદીઓ સામે લડી રહ્યું છે અને તેણે હવાઈ હુમલામાં ગાઝામાં ઘણી ઈમારતોને નષ્ટ કરી દીધી છે. આ હુમલાને યુદ્ધ ગણાવીને ઈઝરાયેલે હમાસને ચેતવણી આપી છે કે તેણે આ હુમલાની કિંમત ચૂકવવી પડશે. યુદ્ધને કારણે ભારત સરકારે તેના નાગરિકો માટે એડવાઈઝરી બહાર પાડી છે. દરમિયાન, એર ઈન્ડિયાએ ઈઝરાયેલ માટેની તમામ ફ્લાઈટ્‌સ કેન્સલ કરી દીધી છે..દેશની દિગ્ગજ કંપની અદાણી ગ્રુપનું ઈઝરાયેલમાં પણ છે જંગી રોકાણ વાસ્તવમાં, ભારત-ઈઝરાયેલનો બિઝનેસ ઘણો વ્યાપક છે. દેશના દિગ્ગજ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ પણ ઈઝરાયેલમાં જંગી રોકાણ કર્યુ છે. ? હમાસે જમીન, આકાશ અને દરિયાઈ માર્ગે હુમલો કરીને મોસાદને પણ ચોંકાવી દીધું. ઈઝરાયેલમાં મોટી સંખ્યામાં ભારતીય



નાગરિકો રહે છે. બંને દેશોનો વેપાર પણ વિસ્તરી રહ્યો છે. બંને દેશો વચ્ચેનો વેપાર પહેલા ૫ બિલિયન ડૉલરનો હતો જે હવે વધીને ૭.૫ બિલિયન ડૉલર એટલે કે ૬ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ ગયો છે. પોર્ટ અને શિપિંગ સહિત અનેક ક્ષેત્રોમાં ભારત અને ઈઝરાયેલનો વ્યાપાર ઘણી રીતે મહત્વપૂર્ણ છે.. ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ પણ ઈઝરાયેલમાં ઘણું ઈનવેસ્ટમેન્ટ કર્યું છે. ઈઝરાયેલમાં વેપાર માટે ગયા વર્ષે ગૌત અદાણીની કંપની અદાણી પોર્ટ્‌સે ટેન્ડર જીત્યું હતું. આ કોન્ટ્રાકટ ૧.૮ બિલિયન ડોલરનો હતો. આ કરારમાં અદાણીની કંપની અદાણી પોર્ટ્‌સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન અને ઈઝરાયેલની કંપની ગેડોટ ગ્રુપ વચ્ચે કરાર કરવામાં આવ્યો હતા. આ બંને કંપનીઓએ મળીને હાઈફા પોર્ટના ખાનગીકરણ માટે ટેન્ડર જીતી લીધું હતું. આ કન્સોર્ટિયમમાં ગૌતમ અદાણીની કંપનીનો હિસ્સો ૭૦ ટકા જેટલો હોવાનું કહેવાય છે.. વાસ્તવમાં આ બંદરને શિપિંગ કન્ટેનરમાં ઈઝરાયેલનું સૌથી મોટું બંદર માનવામાં આવે છે.

હવે યુદ્ધ જેવી સ્થિતિમાં કંપની આ અંગે શું કહે છે તે જોવાનું રહેશે. ભારત અને ઈઝરાયેલ વચ્ચે બંદરો અને શિપિંગ ઉપરાંત હીરાનો બિઝનેસ પણ થાય છે. ભારત અને ઈઝરાયેલના કુલ કારોબારમાં ડાયમંડ બિઝનેસનો મોટો હિસ્સો છે. બીબીસીના એક રિપોર્ટ અનુસાર, ૧૯૯૦ સુધી બંને દેશો વચ્ચે દર વર્ષે ૨૦૦ મિલિયન ડોલરનો વેપાર થતો હતો. જે હવે અબજો ડોલર સુધી પહોંચી ગયો છે. આમાં હીરાના દ્વિપક્ષીય વેપારનો હિસ્સો ૫૦ ટકાની નજીક છે.

